
सत्यं वद

॥ ॐ श्री सच्चिदानंद माधवानंद सद्गुरुभ्यो नमः ॥

धर्मं चर

ॐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૯ સંવત ૨૦૭૩ વૈશાખ, મે– ૨૦૧૭ અંક – ૫

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી ના
ઈ.સ. ૧૯૯૮ ના હરદ્વાર મહાપૂર્ણ કુંભ પર્વના સંભારણા




સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૯ / મે-૨૦૧૭/ અંક-૦૫

## અનુક્રમણિકા


**૪** કઠોપનિષદ્ — કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

**૮** વેદાંતની દ્રષ્ટિએ હનુમાનજી — સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગર વેદાંતાચાર્ય

**૧૦** ગુરુગીતા મહાત્મ્ય — પટેલ દેવિકાબેન જી. ઓઝરાળા

**૧૨** ગુરૂ મહિમા — પરબતસિંહ ચમારડી

**૧૪** વિકારો પર વિજય — લતા અરવિંદભાઈ માંગુકીયા

**૧૫** જીવનની પળેપળ.. — શિવ

**૧૬** ગુરૂ અખંડાનંદજીનું તપ — વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસીયા

**૧૭** હુંડી અખંડાનંદ ગિરધારી — વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસીયા

**૧૭** ગુરૂનો વિરામ — વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસીયા

**૧૮** સુસ્વાગતમ્ — હસમુખ પટેલ

**૨૦** સત્સંગ મંડળમાં આવજો — રેખાબેન આર. માયાણી

**૨૧** સત્સંગ સમાચાર — સંકલિત

**૨૨** સત્સંગ સમાચાર — સંકલિત


## श्री शङ्करदेशिकाष्टकस्तोत्रम्

भव एव भवानिति मे नितरां समजायत चेतसि कौतुकिता ।
मम वारय मोहमहाजलधिम् भवङ्करदेशिक मे शरणम् ॥४॥

હે શંકરાચાર્ય ગુરો ! જેમ રજ્જુ (દોરડી) અંધારામાં સર્પરૂપે પ્રતીત થાય છે, તેમ આપ જ સંસારરૂપે ભાસમાન થયા છો અર્થાત્ અવિવેકી જીવોને તેમના હૃદયમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારથી આ પ્રત્યક્ષ દ્રશ્યમાન સર્વ જગત વિવર્તરૂપે આપમાં જ પ્રતીત થઈ રહ્યું છે, એવું મારા અંતઃકરણમાં કુતૂહલ નિરંતર ઉત્પન્ન થાય છે. અથવા હે ગુરો ! ભવ - કલ્યાણસ્વરૂપ શિવ આપ જ છો; અર્થાત્ સચ્ચિદાનંદ સ્વયંજ્યોતિઃ પરમાત્મા આપ જ છો. સાધુ ભક્તજનોના શ્રેયાર્થે આપ આપની અગાધ માયા શક્તિનો આશ્રય કરી સ્વેચ્છાનુસાર મનુષ્ય દેહ ધારણ કરી વિચરો છો; તે જ - પ્રમાણે આ દેહધારી તમો મારી સન્મુખ સ્થિત થકા - મને સદુપદેશ કરી રહ્યા છો, એ પ્રકારનું મારા હૃદયમાં કુતૂહલ નિરંતર ઉદ્‌ભવે છે. હે સ્વામિન્ ! મારા મોહરૂપી મહાસાગરને આપ નિવારણ કરો. હે સુખ કરવાવાળા ગુરુદેવ ! તમે મારું શરણ (આશ્રય) થાઓ. ૪


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


**લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :**


**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્તા :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



પછી મહારાષ્ટ્રના હો કે ગુજરાતના હોવ, બ્રાહ્મણ હોવ કે ક્ષત્રિય હોવ, અમેરિકાના હોવ કે ઈંગ્લેન્ડના હોવ કે ભારતના હોવ પણ એક જ રહે. **'ચિદાનંદ રૂપઃ શિવોહં શિવોહં'** પછી બ્રાહ્મણ છું ને ક્ષત્રિય છુ ને ભારતની છુ ને ઈંગ્લેન્ડનો છું કાળો છું ને ધોળો છું એ બધું લીન થઈ જાય. બ્રહ્મમાંથી થયેલું શું હોય ? બ્રહ્મ સ્વરૂપ એટલે-

**બ્રહ્મ થકી જે જગત થયું તે,બ્રહ્મ સ્વરૂપે દેખે જોને,**
**કનક થકી કટ કુંડળ થયા તે,**
**કનક રૂપ કરી લેખે જોને.**

તો કારણ કારણમાં પોતાને સૂક્ષ્મ સૂક્ષ્મ મેળવતું જવું એટલે વાણીને મનમાં મેળવવી મનને બુદ્ધિમાં મેળવવું બુદ્ધિને મહતત્ત્વમાં, મહતત્ત્વને ઓપાધિક આત્મામાં, ઓપાધિક આત્માને શાંત આત્મામાં એટલે શુધ્ધ જે નિર્વિશેષ બ્રહ્મમાં લીન કરવું.

**निर्विशेषं परं ब्रह्म साक्षात् तत्त्वमनीश्वसः।**
**तेमंदानुं ............ सविशेषे .................. ॥**

જે નિર્વિશેષ બ્રહ્મમાં વ્યાપક બ્રહ્મમાં પૂર્ણ બ્રહ્મમાં અખંડ બ્રહ્મમાં મન ન લગાવી શકતા હોય એને માટે સવિશેષનો ઋષિઓ-મુનિઓએ નિર્દેશ કર્યુ. તો ન થતું હોય તો કમ સે કમ પોતામાં (ફોટામાં) મન લગાવવું સદ્ગુરુમાં મન લગાવવું. સર્વમાં ભગવાન પૂર્ણ છે એમ માનીને પણ મન લગાવવું કેમ કે ધીરે ધીરે મનને પરમાત્મા તરફ લગાવવાની ટેવ પાડવી જોઈએ સૂક્ષ્મ થતું હોય તો સ્થૂળની જરૂર નથી. કેમ કે સ્થૂળ ચડવા માટે છે પણ ઠરવા માટે નથી. જેને ચડવું હોયને ત્યારે પેલા સ્થૂળ આશ્રય લેવો પડે પણ્ ઠરવું હોય ત્યારે સૂક્ષ્મ લેવો. રહ્યું યાદ ? ચડવું અને ઠરવું. ઠરીને ઠામ થવું હોય તો સૂક્ષ્મમાં .કેમ કે એ કોઈ દિ' તૂટે નહિ, વધે નહિ ઘટે નહિ બગડે નહિ હંમેશા નિર્વિશેષ રહે. એમાં કાંઈ ઝાઝું ઓછું થાય નહિ. પણ એ જલ્દી થાય નહિ. એટલા માટે પેલો આશય ગુરુનો લે કેમ કે-

**''ગુરુ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।''**

એનું નામ સગુણ સાકાર પરમાત્માની ગુરુની ઉપાસના એ સગુણ ઉપાસના. કેમ કે ગુરુમાં બધાય ગુણો છે. જ્ઞાન છે ભક્તિ છે પ્રેમ છે તમામ વસ્તુ પ્રદાન કરે એટલે પેલા ગુરુની ઉપાસના કરવી.

**''કરીએ સદ્ગુરુની ઉપાસના''**

ગીતાના તેરમા અધ્યાયમાં ભગવાને કહ્યું છે.

**''આચાર્યોપાસનં શૌચં, સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ''**

ભગવાને કહ્યું, **'આચાર્યોપાસનં'** કોની ઉપાસના કરવી ? બોલો ? આચાર્યની ઉપાસના કરવી. ઉપ એટલે સમીપને આસન એટલે સ્થિતિ. સદ્ગુરુની સમીપમાં સ્થિતિ કરવી એનું નામ છે ઉપાસના. ઉપાસના એટલે ગુરુની સમીપમાં વાસ કરવો. ગુરુની નજીકમાં રહીને તત્ત્વજ્ઞાનને બરોબર સૂક્ષ્મને સમજવું. કેમ કે સમજ્યા વગરનું કઠિન છે ને સમજે એને સરળ છે. એટલે ગીતામાંય ભગવાને કહ્યું, **'યે તુ સર્વાણિ કર્માણિ'** જે બધા કર્મો છોડીને મારે શરણે આવી જાય છે તો હું એને પરમ પદમાં પહોંચાડી દવ છું. તો

અર્જુનના ગુરુ ભગવાન કૃષ્ણ છે એટલે જે ગુરુના શરણે જાય છે એ માયાને તરી જાય છે. **'માયા મે તાં તરન્તિ તે'** ભગવાને કહ્યું -

**''મામેવ યે પ્રપધન્તે, માયામેતાં તરન્તિ તે.''**

(ગીતા-અ-૭-૧૪)

તો ગુરુને શરણે જાય તો ગુરુ એને નામ-રૂપનો બાધ કરાવીને બ્રહ્મભાવમાં સ્થિર કરાવે. નામ-રૂપનો શું કરાવે ? બોલો ? .... અને હું ને મારાનો ત્યાગ કરાવે. હું-મારું એ માયા છે. નામ-રૂપ એ માયા છે.

**મૈં અરુ તોર મોર યહ માયા,**
**તાવસ યહ જીવ કહાયા.**

(રામાયણ)

તો બોલો, 'મેં' તમે શરીર છો કે આત્મા છો ? (આત્મા). પછી આ તમારું છે કે ભગવાનનું છે ? .... તો હું ને મારું બે છૂટી ગયું તો તમે સંસારમાંથી છૂટી ગયા. પછી તમને ગઢપણ નહિ જન્મ નહિ, મરણ નહિ, રોગ નહિ, આવા-ગમન નહિ, તમે શુદ્ધ બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ છો કેમ કે બ્રહ્મમાંથી આવ્યા તે બ્રહ્મ સ્વરૂપ હોય. જયારે ગુરુ શરણે જાય ત્યારે માયાના આવરણો દૂર કરે અને માયા પડદો દૂર થવાથી પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપને સમજી લે છે ને. સમજીને મુક્ત રહે છે. આનંદી રહે છે ને પૂર્ણતાની અનુભૂતી કરે છે એટલા માટે કહ્યું -

**ગુરુ છોડી બ્રહ્મને ભજે તો નહિ વધને કી આશ,**
**ડાળ છોડી જળ મેં પડે તો નહિ વધને કી આશ.**

તો જે ફળ હોયને એ ડાળે લાગેલું હોય. હવે તે ડાળ છોડીને સીધું જ જળમાં પડી જાય ને એને એમ થાય કે આપણે પાણીથી જ વધીએ છીએ તો ડાળે શું લાગવું સીધું કુંડામાં પડોને કયારામાં. તો શું થઈ જાય ફળ ? બોલો ? કોહવાય જાય. કેમ કે એ ફળને પાણી માપસરનું મળવું જોઈએ. માપસરનું પાણી ન મળે એટલે કોહવાય જાય. એમ જે **'ગુરુ છોડી બ્રહ્મને ભજે તો નહિ વધને કી આશ'** તો કોઈ કહે કે આપણે ગુરુની શી જરૂર છે સીધા જ બ્રહ્મ પાસે પહોંચી જાવને પણ બ્રહ્મ કેવા છે ? કેમ લેવાય ? શું થાય ? એ સમજાવે કોણ ? બ્રહ્મ તો મળી જશે. પણ બ્રહ્મનો લાભ કેમ લેવો એ સમજણ નહિ મળે. જેમ કોઈ ગધાડાને ઘડિયાળ મળી જાય તો શું કરે ? બોલો ? કોઈ મુરખને આંધળાને આરસી (અરીસો) મળી જાય તો શું કરે આંધળો ? એમ ભગવાન મળવા અઘરા નથી. ભગવાન તો સર્વત્ર વ્યાપક છે છે ને છે પણ બ્રહ્મની અનુભૂતિ થવી અઘરી છે. બ્રહ્મનું જ્ઞાન થવું એ અઘરું છે. એટલા માટે-

**''ગુરુ બીન જ્ઞાન ન ઊપજે,ગુરુ બીન મીટે ન ભેદ,**
**ગુરુ બીન સંશય ના મીટે, જય જય શ્રી ગુરુદેવ.''**

હવે, જેને થતું હોય એને ગભરાવા માટે નથી કહેતા થતું હોય એને તો આનંદથી નિર્વિશેષમાં જ રહેવું કેમ કે એમાં કાળ નથી કર્મ નથી. વાસના નથી. તૂટતું નથી વધતું નથી ઘટતું નથી કોઈ દોષ નથી જયારે બાહ્યમાં શું થાય કે ગુરુમાં બ્રહ્મભાવ કરતાં કરતાં દેહમાં આસક્તિ થઈ જાય તો નીચી ગતિમાં પણ... એટલા માટે નિર્દોષ તો બ્રહ્મ સમાન બ્રહ્મ છે પણ એટલું ન થઈ શકતું હોય એને ગુરુનો આશરો લઈ અને ધીરે ધીરે ધીરે નિર્વિશેષ સમજવાનો અભ્યાસ કરવો તો સવિશેષ કરતાં કરતાં નિર્વિશેષમાં શુધ્ધ સચ્ચિદાનંદ બ્રહ્મમાં લીનતા કરવી એને માટે કહે છે -

**उद्‌बोधन**

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।
क्षुरस्य धारा निशिता दुरत्यया
दुर्गं पथस्तत्कवयो वदन्ति॥ १४॥
॥ १-३-१४ ॥

હે માનવો ! ઊઠો, ઘણાંય જન્મથી હવે દેહ દ્રષ્ટિમાં પડયા છો હવે બ્રહ્મ દ્રષ્ટિ ધારણ કરો. તો ઉપર ઊઠો દેહ દ્રષ્ટિ એ અધમ નીચી દ્રષ્ટિ છે. બ્રહ્મ દ્રષ્ટિ એ ઊંચી દ્રષ્ટિ છે ઘણાં દિવસોથી કઈ દ્રષ્ટિમાં પડયા ? બોલો ? કે 'હું મનુષ્ય છું' પછી બહુ બહુ થોડા આગળ વધ્ય તો 'હું જીવ છું' પણ 'હું બ્રહ્મ છું' એવી દ્રષ્ટિએ પહોંચતા નથી એટલા માટે હવે એવી ઊંચી દ્રષ્ટિએ જોડાવા કહે છે **'उतिष्ठत:'** કે હે માનવો ! ઊઠો.

**ઊઠ જાગ મુસાફીર ભોર ભયી,**
**અબ રૈન કહાઁ જો સોવત હૈ,**
**જો જાગત હે વો પાવત હૈ,**
**જો સોવત હે વો ખોવત હૈ,**
**ઊઠ જાગ...**

એટલે **'उतिष्ठत: जाग्रत:'** કે ઊઠો અને પછી જાગો પણ. **'જાગ્રર્તિ કો વા સદ સદ્ વિવેકી'** સત્ ને

અસત્‌નો વિવેક કરજો. બ્રહ્મ થઈને બ્રહ્મનો જ આનંદ લે જો. પાછા બ્રહ્મ થઈને ભોગના આનંદમાં પડશો નહિ. ઘણાં લોકો બ્રહ્મ તો થાય પણ પછી પાછા પડે છે કયાં ? બોલો ? બ્રહ્મ થઈને ભોગના આનંદમાં. તો પોતાનો પૂર્ણ આનંદ લેવાને બદલે અધૂરામાં પડે તો પાછો **'પુનર્મુસિકો ભવ'** ફરીન શું થઈ જાય ? બોલો ? પ્રિય સજ્જનો, કઠોપનિષદ્‌નો પ્રસંગ ચાલે છે. મૂળભુત કથા એવી છે કે વાજશ્રવા નામના ઋષિનો નચિકેતા નામનો પુત્ર યમરાજાને ત્યાં ગયો છે ને યમરાજાએ ત્રણ વરદાન આપ્યા. એમાં પેલા વરદાનમાં પિતાની શાંતી માંગી બીજા વરદાનમાં સ્વર્ગને માટે અગ્નિનું જ્ઞાન માંગ્યું ને ત્રીજા વરદાનની અંદર આત્મજ્ઞાનનો પ્રસંગ ચાલે છે. એમાં પૂછે છે કે આત્મા ધર્મથી અધર્મથી બધાથી જુદું જે તત્ત્વ છે. એ તત્ત્વ મને સમજાવો. તો એના માટે બતાવ્યું કે આ શરીરમાં રહેવા છતાં આત્મા અશરીરી છે અને અનવસ્થિતની અંદર વ્યવસ્થિત છે.

**''महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति।''**

(કઠોપનિષદ્-૧-૨-૨૨)

કે આત્મા મહાન છે વિભુ છે વ્યાપક છે એમ મનન કર્યા પછી ધીર પુરુષ શોક કરતો નથી. 'ધીર' વિશેષણ લગાવીને બતાવી દીધું કે ધીર બનવું જોઈએ. અધીરા હશે એનાથી આ લઈ શકાશે... કેમ કે આ ઉતાવળનું કામ નથી. ધીર પુરુષોનું કામ છે. ધીર ગંભીર વીર શૂરવીર હોય એ પ્રભુને રસ્તે ટકી શકે છે.

**પ્રભુનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને.**

(પ્રીતમદાસજી)

જેમ લાડુ ખાવા હોયને તો થોડી મહેનત કરવી પડે નહિ તો ખીચડી રાંધી નાખો તો જલ્દી રંધાય જાય. એમ પાકું સુખ લેવું હોય તો થોડી મહેનત કરવી પડે. જેમ પાકુ મકાન બનાવવામાં ખર્ચો કરવો પડે કાચું મકાન ઊભું કરવું હોય તો એમનામ જલ્દી થઈ જાય. એટલા માટે ધીરજ રાખવી જેમ પાકી કેરી ખાવી હોય તો થોડાક દિ' ધીરજ રાખવી પડે નહિતર એમનામ જલ્દી ઉતાવળ કરે તો કાચી કેરી... એટલે કહેવાય છેને કે **'ધીરજના ફળ મીઠા છે'** કે-

**''ધીરજ ધરને અરે અધીરા,**
**ઈશ્વર દેશે આહાર જોને,**
**કીડીને કણ હાથીને મણ,**
**ચાર પગાને ચારો જોને''**

(ઋષિરાજ)

તો ખાવા-પીવાને માટે પણ ધીરજ રાખવી પડે તો પછી બ્રહ્માનંદ લેવામાં ધીરજ રાખવી પડે એમાં કહેવાનું જ શું ? એટલા માટે પરમાત્માનો સાચો લાભ લેવા માટે ધીર વીર ગંભીર બનવું જોઈએ. એને માટે કહે છે સમજવા માટે પરમાત્માના સાચા રૂપને હૃદયમાં બેસાડવા માટે.

**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।**
**क्षुरस्य धारा निशिता दुरत्यया**
**दुर्गं पथस्तत्कवयो वदन्ति॥ १४॥**
**॥ १-३-१४॥**

કાલના પ્રસંગમાં કહ્યું કે **'उत्तिष्ठत जाग्रत'** ઊઠો અને જાગો. જાગો ઊઠો એમ આપણે તો કહીએ. જાગો જાગો પછી કહીએ ઊઠો ઊઠો. અહીં કહે છે પેલા ઊઠોને પછી જાગો કેમ કે અનાદિ (કાળથી) જીવો દેહ દ્રષ્ટિમાં નીચી દ્રષ્ટિમાં પડયા છે. ત્યાંથી પેલા ઊભા થાવ કે હવે મારે મરવાવાળું નથી લેવું પણ અમર લેવું છે.

**''ઊઠ જાગ મુસાફિર ઘોર ભયી,**
**અબ રૈન કહાઁ જો સોવત હૈ''**

**''આપ હી જાગો આપ હી ઊઠો,**
**આપ જ મનને સમજાવો,**
**મોહ મહાસાગરના નીરથી,**
**મન મૃગને તમે બચાવો.''**

તો જાગેલો કોણ કહેવાય છે ? કે જે સત્-અસત્‌નો વિચાર કરે. **'જાગર્તિ કો વા સદ સદ્ વિવેકી'** (મણિરત્નમાળા) સત્‌ને અસત્‌નો વિવેક જે કરી શકે એ જાગેલો કહેવાય. એટલા માટે મનુષે સદાય સત્ અને અસત્‌નો વિવેક કરવો. એમાં ખાસ સુખનો વિચાર કરવો કે હું સુખ લઈ રહ્યો એ સાચું સુખ છે કે ખોટું સુખ છે.

**''ખોટામાં ખોવાઈ જશો તો,**
**દુઃખના દરિયા ઉભરાશે,**
**જન્મ મરણના ફેરામાં પડીને,**
**જીવ ઘણો ઘણો ગભરાશે.''**

જો ખોટું સુખ લેવામાં રહી જશો તો જીવને વાર વાર ગર્ભમાં ઊંધે માથે લટકવું પડશે અને અનેક દુઃખો

ભોગવવા પડશે.

**''સત્ય પ્રભુ સચ્ચિદાનંદ ઘન છે,**
**અખંડ વ્યાપક અવિનાશી,**
**સ્વયં પ્રકાશક ચેતન ઘન છે,**
**આનંદ રૂપ ઘટઘટ વાસી.**
**એ પ્રભુમા મન મસ્ત કરી દો,**
**તોડી દો અંતર પડદા,**
**વિષય વાસના વિષ વેલીથી,**
**વ્હેલા વ્હેલા થાવ અળગા.''**

વિષયમાંથી પાછા વળીને સત્ય આનંદમાં પરમાત્માના આનંદમાં પ્રવેશ કરવો. એ જ માનવની જાગ્રતિ છે અને જો એ વિવેક નહિ રાખે તો એ અંધારામાં રમી રહ્યો છે. કેમ કે સાચા-ખોટાનો વિચાર કરતો નથી.

**સત્ય અસત્યમાં સમજયો નહિ શાણા,**
**પકડાણી પાપની પોલ,**
**એ... મનવા ગોવિંદ ગોવિંદ બોલ;**
**તારી જાય ઘડી અણમોલ (૨) મનવા...**
**કિંમત વિનાનો કરી નાખ્યો કાદવમાં,**
**હિરલો હાથે અણમોલ.. એ... મનવા...**

જેને કિંમતની ખબર ન પડે એ હિરાને ગારામાં (કાદવમાં) ફેંકી દે એમ અજ્ઞાની જીવો સત્યને છોડીને અસત્ય લે છે. પ્રકાશને છોડીને અંધકારમાં પડયા રહે છે. એટલા માટે કહે છે **''वरान्नप्राप्य निबोधत''** કે શ્રેષ્ઠ સદ્‌ગુરુની પાસે જઈ અને જાણો કે **''ब्रह्मवाहमस्मि''** કે હું સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ છું. એવું દ્રઢ જ્ઞાન ગુરુને ચરણે જઈ પ્રાપ્ત કરો. ગુરુ કેવા હોવા જોઈએ ? કે **''श्रोत्रियं ब्रह्मनिष्ठम्''** એટલા માટે **''वरान्न''** એટલે વર શ્રેષ્ઠ જે આચાર્ય હોય અને શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ એવા ગુરુને શરણે જઈ અને પોતાના શુધ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપને જાણવું. આ રસ્તો પકડયો છે એટલે કહે છે કે-

**''क्षुरस्य धारा निशिता दुरत्यया**
**दुर्गं पथस्तत्कवयो वदन्ति।''**

જેમ તલવારની ધાર ઉપર ચાલવું અઘરું છે એમ આ જ્ઞાનમાં ટકવું અઘરું છે. ઝાઝું અઘરું એટલા માટે છે કે સંગદોષ નડે છે. શું નડે ? બોલો ? કેમ કે નવ્વાણું લોકો ભોગને માર્ગે વિષયને માર્ગે ચાલતા હોય તમારે બ્રહ્મને માર્ગે ચાલવું એ અઘરું પડે કેમ કે બધાની સામે થઈને ચાલવું પડે એટલે જ-

**''પ્રભુનો મારગ છે શૂરાનો,**
**નહિ કાયરનું કામ જોને.''**

(સ્વામી પ્રિતમદાસજી)

કે નવ્વાણું લોકોની સામે ટક્કર ખાઈને ઊભું રહેવું પડે. નવ્વાણું લોકો એમ કહે કે તું જીવ છો ને તું મનુષ છો. તું પટેલ છો ને તુ બ્રાહ્મણ છો ને તું હલકો છો ને તું આમ છો એમ કહે અને એક વેદ-શ્રુતિ કહે કે, 'તું સચ્ચિદાનંદ સ્વરૂપ છો' તો કોનું બળ વધે ? બોલો ? .... નવ્વાણું લોકોનું બળ વધી જાય. એટલે જીવો પાછા ઢીલા ઢબ થઈને તે બાજુ ચાલ્યા જાય. એટલા માટે શૂરવીરનું કામ છે ધીર વીર ગંભીરનું કામ છે એટલે ધીર પુરુષો હોય એ જ આ માર્ગમાં ટકી શકે છે. અધુરીયા હોય ઉતાવળીયા હોય એ તો લોકો કહે એમાં ફસાય જાય છે. એટલા માટે લોકેષ્ણા, પુત્રેષ્ણા, વિત્તેષ્ણા એ એષ્ણા ત્રયનો ત્યાગ જે કરે એ જ આનો રસ ભોગવી શકે.

**'तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम्।'**

(ઈશાવાસ્યોપનિષદ્-૧)

કોઈના પણ ધનની આકાંક્ષા ન રાખે. પુત્રેષ્ણા, વિત્તેષ્ણા, લોકેષ્ણા ન રાખે. તો આ બ્રહ્મભાવમાં ટકી શકાય છે. એટલા માટે કહે છે કે આ માર્ગ અત્યંત કઠિન છે કેમ કે પરમાત્મા અત્યંત સૂક્ષ્મ છે. અત્યંત શબ્દ, સ્પર્શ, રુપ, રસ, ગંધ બધા વિષયોથી રહિત છે. એને સમજાવતા આગળના મંત્રમાં કહે છે.

**निर्विशेष आत्मज्ञान से अमृतत्त्व प्राप्ति**

**अशब्दमस्पर्शरूपमव्ययं**
**तथा रसं नित्यमगन्धवच्च यत्।**
**अनाद्यनन्तं महतः परं ध्रुवं**
**निचाप्य तन्मृत्युमुखात्प्रमुच्यते॥ १५॥**

યમરાજા કહે છે કે એ પરમાત્મા કેવા છે ? કે **'अशब्दम् अस्पर्शम् अरूपम् अरसम् अगन्धम्'** એટલે જેમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ પાંચેય વિષયો નથી. તો પૃથ્વીમાં પાંચેય વિષયો હોય એટલે પૃથ્વી સ્થૂળ હોય જલ્દી દેખાય જાય. પૃથ્વીની અંદર સૂક્ષ્મ જળ છે એમાં ચાર વિષયો હોય જળની અંદર એટલે જળ જલ્દી બંધાતું નથી. પૃથ્વી બાંધીને પોટકું બાંધીને લઈ જવાય. પણ જળને બાંધીને લઈ જઈ શકાતું નથી.

ક્રમશઃ

# વેદાંતની દ્રષ્ટિએ હનુમાનજી

પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગર વેદાંતાચાર્ય

હનુમાનજીના વિષયમાં અનેક પ્રકારની ચર્ચાઓ વેદ, પુરાણ, રામાયણ, મહાભારત તથા તુલસીદાસજીના સાહિત્યમાં જોવા મળે છે. તંત્ર સાહિત્યમાં હનુમાનજીની ઉપાસના યુક્ત ચમત્કારિક પ્રભાવ જોવા મળે છે. **''હનુમતુપાસના'' ''કલ્પદ્રુમ''** આદિ ઘણા સ્વતંત્ર ગ્રંથ પણ છે. **''મંત્રમહોદધિ'' ''મંત્રમહાર્ણવ''** આદિ ગ્રંથોમાં હનુમાનજીની ઉપાસના વિસ્તારથી આપેલી છે.

હનુમાન ચાલીસાનો પાઠ કરવાથી હનુમાનજી મહારાજનો આપણને પૂરો પરિચય થાય છે. હનુમાનજીનું સ્વરૂપ શું છે ? હનુમાનજી મહારાજનું સામર્થ્ય શું છે કેવી રીતે સામર્થ્ય કામ કરે છે. હનુમાનજીની શક્તિનો પરિચય કેવી રીતે થાય ?

વેદાંતમાં તત્ત્વજ્ઞાન એ બ્રહ્મવિદ્યાનો વિષય છે. જયાં સર્વવેદના વિષયને જ્ઞાનમાં સમાવી દેવામાં આવે છે. વેદમાં પ્રતિપાદિત વિષય કર્મ, ભક્તિ, જ્ઞાન, ઉપક્રમથી ઉપસંહાર સુધી વિચાર કરવાથી વિષય સ્પષ્ટ સમજી શકાય છે.

**''એકમેવાદ્વિતીયં બ્રહ્મ''** એક જ અદ્વિતીય બ્રહ્મ સમગ્ર વિશ્વનું કારણ છે. **''દ્વિતીયો નાસ્તી''** બીજો છે જ નહીં આવું વેદાંત દ્વારા બ્રહ્મ વિદ્યા બતાવે છે. ત્યારે વૈદિક સનાતન ધર્મ આપણને **''આચારો પ્રથમો ધર્મ''** જેવા સૂત્ર આપીને આચરણ આપણું પવિત્ર હોવું જોઈએ. જેમાં મનની પવિત્રતા પ્રથમ હોવી જોઈએ. મન પવિત્ર તો ઈન્દ્રિયો પવિત્ર રહી શકે. ચરણં **''ઈન્દ્રીયેભ્યો પરં મનઃ''** આપણું જીવન મનની ગતિ સાથે જોડાયેલુ છે. એટલે **''મનએવ મનુષ્ણાં બંધ મોક્ષયોઃ કરણમ્''** બંધ મને મોક્ષનું તથા સુખ-દુઃખનું કારણ માત્ર મન છે. મન જે વસ્તુને સ્વીકાર કરે છે તેને તે મહત્ત્વ આપે છે. પછી તે જીવનોપયોગી હોય અથવા ન હોય આપણા જીવનમાં તે વસ્તુ શોભે યા ન શોભે પરંતુ જેનો સ્વીકાર કરે છે તેને તે અનેક કષ્ટ ઉઠાવીને પણ પોતાની જાતને ઉજળી દેખાડવાનો ડોળ કરે છે. આથી આ ચંચલ મનને માકડું કહેવામાં આવે છે. માંકડું એટલે બંદર, વાંદરું જે અતિ ચંચલ પ્રાણી છે. વાંદરું શું કરે તે કાંઈ નક્કી નહીં. માટે આ વાંદરાની ઉપમા જે મનને આપી છે તે જ વાંદરાને રામની સેવા પરાયણ મન રાખવામાં આવે તો તેનું સ્વરૂપ હનુમાન ચાલીસામાં રજૂ કરવામાં આવ્યું છે.

તુલસીદાસજીનું મન જ્યારે તેની પત્નીમાં ખેંચાયું અને પત્નીને મળવા માટે જે મન, નદીના પુરમાં નાવની જગ્યાએ મડદું પકડીને આવ્યા. બંધ મકાનમાં પાછલી બારીએ જયાં સાપ લટકતો હતો ત્યાં રેશમની દોરી સમજીને પકડી અને અંદર દાખલ થયા. ત્યારે તેની તેની પત્ની રત્નાવલી એ એટલું જ કિધું કે જે આ જોખમે તમે મારા હાડ માંસ ને મહત્ત્વ આપ્યું આટલું કામ તમે આ હાડમાંસના પૂતળાને રૂપાળુ રાખવાનું જે કામ આત્મા રામ કરે છે. તે આત્મા આ શરીરમાંથી નીકળી જાય તો તમે શું કરશો ? હું મરી જઈશ. ત્યારે આ મારા શરીરને શું કરશો ? માટે જેનાથી આ શરીર ચાલે છે તે આત્મતત્ત્વને ઓળખવા આ શક્તિને ઉપયોગ કરો, ત્યારે મનની શક્તિ જેને હનુમાન કહેવામાં આવે છે તે હનુમાનજીના દર્શન તુલસીદાસને થયા અને તુરંત તેમણે હનુમાનજીના વિષયમાં અનેક સ્તુતિ તથા તેમનાં કાર્યોની ગાથા જાહેર કરી.

હવે આ હનુમાન એ જ આપણું મન છે. જો મનના પ્રકાર જોઈએ તો વાલી, સુગ્રીવ, હનુમાન, નલ, નીલ, અંગદ આ બધા મનના અલગ અલગ સ્વરૂપો છે. જેની વિશેષતા તે પાત્ર સાથે જોડાયેલી છે.

વાલી એક એવું પાત્ર છે જે રાવણ રૂપી અહંકારને પોતાની બગલમાં દબાવી રાખે છે. આવો દબાયેલો અહંકાર જયારે છટકે છે ત્યારે સુગ્રીવ જેવા ભાઈની વાત પણ તે સત્યરૂપે સમજવા તૈયાર નથી અને પોતની જોહુકમીથી ભાઈની પત્નીને પણ પોતાની પત્ની બનાવે છે આવા દબાયેલા અહંકાર બમણું નુકસાન કરે છે. માટે આવા મનને મારવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. સુગ્રીવરૂપી મન સત્ય વસ્તુ સમાજ સામે લાવવા માગે છે. જેમાં પ્રભુના સહારાની જરૂર પડે છે. એક અર્થમાં જોઈએ તો વાલી અને સુગ્રીવ બન્ને સગા ભાઈ છે અને તે કેવા ? ભાઈ બન્ને એકબીજાથી અલગ સમજવા મુશ્કિલ પડે એવા જુડવા ભાઈ. સ્વયં રામ સાક્ષાત્ પરમાત્મા પણ ધોખો

ખાઈ ગયા કે આમાં સુગ્રીવ કોણ ? ને વાલી કોણ ? એવી બન્નેની પ્રકૃતિ, શરીર, કાયા છે. આવા સમયે કોને ભગવાનનો મિત્ર સુગ્રીવ સમજવો કે પછી રાવણ જેવા આસુરી વૃત્તિના અહંકારથી ભરેલાનો વિરોધી કે રાવણને ૬ મહિના બગલમાં રાખીને ફેરેલો. તેને મિત્ર સમજવો ?

આ બહુ કઠીન વિષય છે. રાવણનો અહંકાર વાસનાથી ભરેલો છે. જયારે વાલીનો અહંકાર વાસના રહિત છે. છતાં પણ તેમાં વાસના છુપાયેલી જણાય છે કારણ કે અહંકારમાં કર્તાપણું છે તેથી કર્તૃત્વ જયાં હાયે ત્યાં શુભ અશુભનું ફળ ભોગવવું પડે છે.

વાલીના જીવનની એક ઘટના છે. જેમા વાલીને એક અસુર વારંવાર લલકાર કરે છે. મારી સાથે યુદ્ધ કર અને અહંકાર કોઈની લલકાર સહન ન કરે. તેથી વાલી અસુર સાથે યુદ્ધ કરે છે અને એક ગુફામાં અંદર જાય છે ત્યાં વાલી સુગ્રીવને કહે છે કે જ્યાં સુધી હું આવું નહીં ત્યાં સુધી તમે બધા અહીં બહાર ઉભા રહેજો. એમ કહી અંદર ગયા ને ૧૨ દિવસ થયા ત્યારે ગુફામાંથી રક્ત બહાર આવ્યું અને કોઈ અંદરથી બહાર ન આવ્યું ત્યારે સુગ્રીવે બીજા વિદ્વાનો તથા, મંત્રીમંડળ દ્વારા નિર્ણય લીધો કે હવે વાલી મરાયો છે. તેથી ગુફાનું દ્વાર એક પથ્થરથી બંધ કરીને સુગ્રીવ નગરી કિષ્કિન્ધામાં આવ્યો અને સર્વાનુમતે સુગ્રીવને રાજમુકુટ પહેરાવવામાં આવ્યો જે સુગ્રીવની ઈચ્છા વિરુદ્ધ તેને રાજ ગાદી ઉપર બેસવું પડયું.

એક દિવસ વાલી ગુફામાંથી પુનઃ બહાર આવ્યો. ત્યારે તેણે તેના ભાઈને ગાદી ઉપર જોઈને અત્યંત ક્રોધ કરીને સુગ્રીવને દેશવટો આપ્યો.

અહીંથી કથાનો અર્થ સમજો વાલી અસુર સાથે લડવા ગુફામાં ગયો. એનો અર્થ એ કે અસુ એટલે પ્રાણ, કેવલ પ્રાણ પોષણ કરનારને અસુર કહેવાય છે. હૃદય ગુફામાં પ્રાણ રોકી અંદર યુદ્ધ થયું અર્થાત્ મનરૂપી વાલી. નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત, મૃત્યુ સમાન મન લીન થાય છે પરંતુ વાસનાના લીધે પુનઃ જાગ્રત થતા વાલી રૂપી મન બહાર આવે છે. સમાધિમાં સૂક્ષ્મ વાસના પુનઃ સમય આવતા જાગ્રત થાય છે. આવા મનને મારવું પડે છે. તેથી રામ તેને મારે છે. સુગ્રીવ એ સહજ ભાવમાં રહેવાવાળું મન છે. તેથી તે સ્વભાવતઃ રામ સાથે મિત્રવત્ રહે છે. રામને વાલીરૂપી મન અને સુગ્રીવરૂપી મન બન્ને એક સરખા લાગે છે. તેથી તેમણે ભેદ ઉભો કરવા એક માળા આપી જેનાથી વાલી તથા સુગ્રીવરૂપી મન બન્નેનાં ભેદ સમજી શકાય. સુગ્રીવરૂપી મન વાસનામય વાતાવરણમાં રહે છે. પરંતુ વાસના રહિત મન છે. તેથી પ્રભુ રામ તેને હાર પહેરાવીને બિરદાવે છે અને પોતાના સમાન મિત્ર બનાવી સન્માન આપે છે. જ્યારે વાલીરૂપી મન એથી વિપરીત છે.

હવે હનુમાનરૂપી મન એ કેનોપનિષદ્‌ના આધારે જોઈએ તો **''श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद्वाचो ह वाचम्''**

શ્રોત્રનો પણ શ્રોત્ર તથા મનનો પણ મન અને વાણીનો પણ વાણી જ કારણ છે તે.

આનો અર્થ અહીં આપણે મનનું કારણ મન જે સુગ્રીવરૂપી મનનો સચિવ છે અને આત્મારામનો દૂત છે. સુગ્રીવ રામ સાથે મિત્રતાના નાતે જોડાય છે તેથી જીવ ઈશ્વરની સખા તરીકેની શ્રુતિ **''द्वापर्ण सपुज सखा''** કઠ શ્રુતિ પ્રમાણે જીવ-ઈશ્વર બન્ને એક ડાળ પર પક્ષી રૂપે છે. ઈશ્વર સર્વજ્ઞ છે. જયારે જીવ અલ્પજ્ઞ છે. જીવ અંતઃકરણથી આવૃત્ત છે. જ્યારે ઈશ્વર "માયા"થી આવૃત્ત છે. બન્ને સ્વભાવતઃ એક છે પરંતુ કાર્ય તથા સામર્થ્યથી ભેદ છે.

આવી રીતે વેદાંતના વિચાર દ્વારા પુરી રામાયણનો વિચાર કરતાં આત્મા-રામ છે. શાંતિરૂપી સીતાને અહંકારરૂપી રાવણ હરી જાય છે. એમ તત્વનો વિચાર કરવાથી આત્મજ્ઞાનમાં હનુમાનજીનું પાત્ર સ્પષ્ટ થઈ જાય છે. જેથી આજના લોજીકથી વિચારતાં તેમાં અતિશયોક્તિ નહિ રહે, વિશેષ પરિચય "હનુમાન ચાલીસા" દ્વારા હનુમાન મહારાજનું સ્વરૂપ નિહાળીશું.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ. પાલડી તા. શિહોર જી. ભાવનગર**
**સ્વ. મનજીભાઈ જસમતભાઈ સુતરીયા**
**(ઉંમર વર્ષ ૮૩) સંવત ૨૦૭૩ ચૈત્ર વદ ૧૧ તા. ૨૨/૪/૨૦૧૭ ને શનિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# ગુરુગીતા માહાત્મય

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદસાગરજી મહારાજના હરિદ્વાર મુકામે આશ્રમમાં કથા સત્સંગ આધારિત.

ભગવાન શંકર અને પાર્વતિનો સંવાદ સુપ્રસિદ્ધ શ્રી ગુરુગીતાનો આપણે વિચાર કરી રહ્યા છીએ. હવે સોળમાં શ્લોકમાં ભગવાન ગુરુની મહત્તા અને ગુરુની આવશ્યકતા બતાવે છે. કે જીવનમાં ગુરુની શું આવશ્યકતા છે ?

**કિંચિદ્ ગુરું વિના નાન્યત્સત્યં સત્યં વરાનને**
**મંત્રયંત્રાદિવિદ્યાનાં સ્મૃતિરુચાટનાદિકમ્**

ભગવાન પાર્વતિજીને 'વરાનને' એવું સંબોધન કરે છે. વર એટલે સુંદર અને આનન એટલે મુખ. હે સુંદર મુખવાળી પાર્વતિ ગુરુ વિના આ સંસારમાં બીજું કાંઈ નથી. સત્યં સત્યં એટલે હે પાર્વતિ હું તને આ વાત કહું છું તે સત્ય સત્ય છે. ભગવાન ભાર દઈને કહે છે સંસારમાં ગુરુનું પદ શ્રેષ્ઠ છે. નાસ્તિ તત્ત્વ ગુરુ છે. ગુરૂ વિના સંસારમાં શ્રેષ્ઠ બીજું કોઈ તત્ત્વ નથી. ગુરુ અને પરમાત્મા એક છે. સંસારમાં સર્વોત્તમ તત્ત્વ ગુરુ કહો કે પરમાત્મા કહો એક જ છે પણ ભગવાન શંકર માટે જગદ્ગુરૂનો અને ભગવાન શ્રી કૃષ્ણ માટે પણ જગદ્ગુરૂ શબ્દનો પ્રયોગ કર્યો છે. બ્રહ્મતત્ત્વ - એક તત્ત્વ એ એકવાચી શબ્દ કહ્યો છે. બ્રહ્મરૂપ થવાનો અભિપ્રાય છે કે સંસારમાં જે જે પદાર્થો જોવા મળે છે એ બધા પૃથ્વી - જળ - વાયુ - તેજ અને આકાશરૂપી છે. પૃથ્વી છે તે જળરૂપ છે. પૃથ્વી એ જળ દ્વારા છે. જેનું કારણ જળ ન હોય તો પૃથ્વીની કોઈ મહિમા નથી. પછી જળની વાત કરું. જળ છે એ જળ નથી. એ તેજરૂપ છે. કારણ કે જળ છે તે તેજરૂપથી બનેલું છે. જળનો તેજની અંદર વિલય કરી દો તો પૃથ્વી જળ તેજ વાયું અને આકાશ હવે તેજનો વિચાર કરો તો એનું કારણ વાયુથી સત્તાવાન છે તેજને વાયુમાં વિલય કરી દો તો તેજનો કોઈ મહિમા નથી. વાયું ની ઉત્પતિ આકાશથી થાય છે. વાયુ એ કાર્ય અને આકાશ એ કારણ છે. વાયુ છે તે આકાશ છે. આકાશ છે તે આત્મથી ઉત્પન્ન થાય છે. આકાશની કોઈપણ સત્તા નથી. આત્માને આકાશથી જુદો પાડી શકાય નહિ. એમ દોરી છે તે સર્પરૂપી પ્રતિત થાય છે. આકાશની કોઈ સત્તા નથી. આકાશનો પણ આત્મામાં લઈ થઈ ગયો. પૃથ્વી-જળ-તેજ-વાયુ-આકાશ એ વ્યવહારની કોઈ સતા નથી. આ સંસાર છે તે પરમાત્માથી જીવે છે. સંસારની અંદર કોઈ જાન નથી. બ્રહ્મ વિના સંસારની અંદર અન્ય કાંઈ નથી. તે સત્ય છે.

હવે આગળ ભગવાન શંકર પાર્વતિને કહે છે,

**''શૈવશક્ત્યાગમાદીનિ સન્તિ બહુમતાનિ ચ;**
**અપભ્રંશેત્સમસ્તાનાં જીવાનાં ભ્રાંતચેત સામ્.''**

ગુરુવિદ્યા એટલે બ્રહ્મવિદ્યા. સંસારથી અધિરત કોઈ વસ્તુ ન હોય તો જીવે એ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાં પ્રયત્ન કરવો જોઈએ. જ્ઞાન વગર જીવ મુક્ત થઈ શકતો નથી, જ્ઞાનથી કેવલ મુક્તિ પ્રાપ્ત થાય છે. શ્રુતિ ભગવતી કહે છે કે જે પરમાત્મા છે તે પરમાત્માને જાણ્યા વગર જીવમુક્ત થઈ શકતો નથી, અન્ય બીજો કોઈ માર્ગ જ નથી મુક્ત થવા માટે બ્રહ્મવિદ્યાથી બીજી કોઈ શ્રેષ્ઠ વિદ્યા જ નથી. શ્વેતશ્વેતરોપનિષદમાં કહે છે જયારે મનુષ્ય આકાશ અને કોઈ ચામડાની પેઠે શરીર લપટી શકે કયારે ? આત્માનો અવિયાય જાણ્યા વગર દુઃખનો નાશ થઈ શકે ? તો આકાશને ચામડાથી લપેટી ન શકાય. એવી રીતે આત્માને જાણ્યાં વગર દુઃખનો નાશ અસંભવ છે. એમ આત્મ જ્ઞાનનું ફળ બતાવ્યું કે જ્ઞાન થાય છે ત્યારે હૃદયગ્રંથિનું છેદન થાય છે. કર્મનો ક્ષય થઈ જાય છે ક્યારે ? પરમાત્માને જાણી લો તો બ્રહ્મ પરમાત્મા વગર બીજી કોઈ નથી. બ્રહ્મવિદ્યાથી અતિરત જેટલી વિદ્યા છે એ વિદ્યા લૌકિક વિદ્યા છે. ઉપનિષદમાં બે વિદ્યા છે. પરાવિદ્યા અને અપરાવિદ્યા જેનાથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય તેને પરાવિદ્યા કહેવાય છે. જેનાથી જે સંસારનો લોભ પ્રાપ્ત કરાવે તેને અપરાવિદ્યા કહે છે. કઈ કઈ અપરાવિદ્યા છે તે ભગવાન ખુદ આ શ્લોકમાં બતાવે છે.

**''કિંચિદ્ ગુરું વિના નાન્યત્સત્યં સત્યં વરાનને;**
**મંત્રયંત્રાદિ વિદ્યાનાં સ્મૃતિરુચાટનાદિકમ્.**
**શૈવશક્ત્યાગમાદીનિ સન્તિ બહુમતાનિ ચ,**
**અપભ્રંશેત્સમસ્તાનાં જીવાનાં ભ્રાંતચેતસામ્**

આ સંપૂર્ણ વિદ્યા સંસારનો જ લાભ કરાવે છે. સંસારની અંદર બધા પ્રકારના મંત્ર, યંત્ર, અને તંત્ર

આ ત્રણ પ્રકારની વિદ્યા છે. મંત્રો ઉચ્ચારણ કરવાથી સાંસારિક કામ થાય મનન કરવાથી જે રક્ષા કરે તેને મંત્ર કહેવાય. યંત્ર એટલે મશીનની સબંધિ વિદ્યા એને યંત્ર વિદ્યા કહેવાય. જેના દ્વારા શાસન કરી શકાય તેને તંત્ર વિદ્યા કહેવાય છે. મંત્ર-યંત્ર-તંત્ર એ સાંસારિક સંબંધી છે. જો એનો પ્રયોગ કરવામાં આવે તો પહેલા જમાનામં એવા ધારકો હતા એ વર્તમાનકાળમાં એવાં ધારકો ક્ષીણ થઈ ગયા. પણ એના નામથી ઘણું બધું ચાલે છે. જે પૂરેપૂરો જયોતિષ ન જાણતા હોય તો પણ એના નામની દુકાન ચાલે છે. તંત્રના ધારકો પણ વર્તમાનકાળમાં ક્ષીણ પરાયણ છે. તંત્ર વિદ્યાના જ્ઞાનથી ઠગવાની દુકાન ચાલે છે. તે લોકો ઠગે છે. આવી વિદ્યા તો જીવને સુખ ઓછું ને દુઃખ વધારે દેવાવાળી થાય છે. ભગવાન શંકર પાર્વતિને કહે છે, આ પ્રકારની વિદ્યા ભ્રમિત ચિત્તવાળાં મનુષ્યને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરે છે. મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઈ જાય એટલું જ નહિ. આવી નિષ્કૃટ વિદ્યાથી અંતમાં નરકના ભાગીદાર થાય છે. મનુષ્ય એ બ્રહ્મવિદ્યા સિવાય બીજી કોઈ વિદ્યામાં વિશ્વાસ રાખવો જોઈએ નહિ. નારદ સનતકુમારો પાસે ગયા અને કહેવા લાગ્યા હે ભગવન તમારાં જેવા મહાપુરુષોથી સાંભળ્યું છે કે આત્માને જે જાણકાર છે તે શોકથી પાર થઈ જાય છે. સનતકુમારો નારદજીને કહેવા લાગ્યા કે હે નારદજી તમે જ વિદ્યા જાણતા હોય તે વિદ્યા મને બતાવો.

એક સંગીતકારને ત્યાં કોઈ વ્યક્તિ સંગીત શીખવા ગયો. એટલે પેલો કહે મારે સંગીત શીખવું છે. અને પૂછ્યું કે દર મહિને ફી ખર્ચ શું થશે ? તો સંગીતકારે પૂછ્યું કે તું કંઈ સંગીત જાણે છે ? તો હા હું થોડું ઘણું જાણું છું. સંગીતકારે કહ્યું કે મહિનાના છસો રૂપિયા થશે. ત્યાં બીજો છોકરો આવ્યો. તેને પૂછ્યું તું કઈ સંગીત જાણે છે ? તે કહે ના. હું કંઈ જાણતો નથી. સારું તો તારા ત્રણસો રૂપિયા થશે. તો પહેલો વિચાર કરવા લાગ્યો કે આ કશું જાણતો નથી તો એને ત્રણસો રૂપિયા કહ્યા અને મને છસો રૂપિયા કેમ ? તો સંગીતવાળો કહે આને સીધું શીખવવાનું છે, અને તારામાં જે આવડત છે તેને કાઢવા માટેના ત્રણસો રૂપિયા અને શીખવવાના બીજા ત્રણસો રૂપિયા થશે. જાતે શીખેલું છે તે યોગ્ય નહોતું તેને ભૂલવુ પડે છે. નારદજીએ ઉપાસના કરી બ્રહ્મતત્ત્વનો બોધ કરાવ્યો. હે પાર્વતિ બીજી બધી વિદ્યા છોડી બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કરવી જોઈએ.

**''વેદશાસ્ત્ર પુરાણાનિ કૃતાનિ ગુરુકામ્યયા,**
**સ્વયં લોકે ગુરુઃ સાક્ષાજ્જાયતે ચૈવ તત્ત્વવિત્''**

ભગવાન શંકર પાર્વતિને કહે છે કે હે પાર્વતિ વેદ-શાસ્ત્ર અને પુરાણો ગુરુતત્ત્વ-બ્રહ્મતત્ત્વ માટે રચેલા છે. વેદ ચાર છે, ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ, અને અથર્વવેદ. વેદ ગુરૂરૂપથી તો એક જ છે. પણ મંત્રોના સ્વરૂપના ભેદના કારણે એ ચાર છે. શિવમહિન્મ માં આપણે પાઠ કરીએ છીએ કે

**ત્રયી સાંખ્યં યોગઃ પશુપતિમતં વૈષ્ણવમિતિ,**
**પ્રભિન્ને પ્રસ્થાને પરમિદમદઃ પથ્યમિતિ ચ ।**
**રુચીનાં વૈચિત્ર્યાદૃ ઋજુકુટિલ નાનાપથજુષાં,**
**નૃણામેકો ગમ્યસ્ત્વમસિ પય સામર્ણવ ઈવ ॥**

ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ એ વેદ મુખ્ય વેદ છે. આ ત્રણ કેમ ? વેદોના જે કર્મકાંડ ભાગ છે એ કર્મનું પ્રતિપાદિત છે. કર્મ એટલે પરીકર્મ અને મીમાંસા સિધ્ધાંત પ્રમાણે વેદના મંત્રો છે એ મંત્રો એ પાંચ પ્રકારના છે. જેનો વિનિયોગ જે મંત્રમાં છે જે દ્રવ્યનો પ્રકાશક છે. તેને મંત્ર કહેવામાં આવે છે. જેનો ઉલ્લેખ છે તેને નામદેવ કહેવામાં આવે છે. આમ કર્મકાંડના વેદો છે તે નામનિષેધ અથર્વવેદ કહેવામાં આવે છે વેદત્રયી એમ કહેવામાં આવે છે. હવે જેના પાદ અક્ષર જેના નિશ્ચિત છે તેને મંત્ર કહેવાય છે. જેને જેને ગાઈ શકાય તેને સામમંત્ર કહેવામાં આવે છે. એટલે વેદથી ચારેય પ્રાપ્ત થાય છે. વેદ-શાસ્ત્ર-પુરાણ એ ગુરુ પ્રાપ્તિ માટે કરવામાં આવ્યા છે. છ વેદના અંગો છે. એને શાસ્ત્ર પણ કહેવામાં આવે છે. વેદાંત પણ કહેવામાં આવે છે. પૂર્વ ઉત્તર મીમાંશાને શાસ્ત્ર કહેવામાં આવે છે. જેને હાથમાં લઈને લડી શકાય તેને શસ્ત્ર કહેવામાં આવે છે. લડતી વખતે તલવાર હાથમાં ને હાથમાં રહે છૂટે નહિ તેને શસ્ત્ર કહેવાય છે. ભાલાને હાથમાં રાખીને લડી શકાય અને છૂટો મારીને ઘા કરી શકાય તેને અસ્ત્ર કહેવાય છે. સંસારની રક્ષા માટે શસ્ત્રની જરૂર છે, આવશ્યકતા છે. અને આત્માની રક્ષા માટે શાસ્ત્રની આવશ્યકતા છે. શસ્ત્ર માટે ધર્નુવેદ છે. શસ્ત્ર અને શાસ્ત્રનું કેવું સંચાલન કરવું તેને બતાવવામાં આવે છે. મનુષ્ય ઉપર એ શાસન કરે છે. મનુષ્યને શાસિત કરી નાખે તેને શાસન કહે છે. શાસ્ત્ર સંકેત કરે છે. દંડો લઈને

પાછળ ન પડે ? મનુષ્યનું નિયંત્રણ કરે છે. આપણે રસ્તે જતા હોય પુરપાટ ગાડી ચાલે રસ્તો ડાયવર્ઝન હોય તો કામ દેખાતુ નથી બોર્ડ લગાવેલું હાયે તો આપણને ખબર પડી જાય કે આગળ કામ ચાલે છે પણ બોર્ડ ના માનો તો અને આગળ જાવ તો રોડ બંધ મળે છે ત્યાંથી પાછું આવવું પડે છે. પેલા શાયનબોર્ડનું માન્યું હોત તો આગળ જવાની નોબત ન આવે. એમ વેદ છે તે આપણા માટે શાયનબોર્ડ છે. મનુષ્યને સત્કર્મની અંદર પ્રેરીત કરે છે. વેદ વિધિને શાસ્ત્ર પણ કહેવાય છે. અને ત્રીજું છે પુરાણ. પુરાણના કર્તા આચાર્ય વ્યાસ છે. અષ્ટાંગ પુરાણની રચના કરી છે. જે વેદને સમજવા અસમર્થ છે. તેના માટે પુરાણો છે.

## ગુરૂ મહિમા

પરબતસિંહ
ચમારડી

શ્રી સ્વામી માધવાનંદજીને પ્રણામ તત્ પ્રણાલિકા સ્વામી શ્રી જગદીશાનંજીને પ્રણામ. સ્વામી બ્રહ્માનંદજીને પ્રણામ.

હું જે કઈ બે શબ્દો લખું છું એ ગુરુમા બ્રહ્માનંદજીની કૃપાથી લખી રહ્યો છું.

**सचिदानंद रुपाय विश्वउत्पत्ति हेतवे ।**
**तापत्राय विनाशाय श्री कृष्णाय वयम नमः ॥**

આજે સર્વત્ર પ્રાણીમાત્ર દોડધામ કરે છે. હેતું શું હશે ? શા માટે દોડે છે ? દરેકને સુખ જોઈએ છે. નોકરીમાં સુખ ખેતીમાં ધંધામાં પણ સુખ જોઈએ છે. દરેકની કામના સુખ પ્રાપ્ત કરવાની છે. એમાં પ્રશ્ન થાય કે સુખ નિત્ય જોઈએ છે કે ક્ષણિક જોઈએ છે ? ઘરમાં કે જ્યાં જઈએ ત્યાં સર્વ જગ્યાએ જોઈએ છે ? બધાથી જોઈએ કે કેવળ ઘરના સભ્યોથી જોઈએ છે ? હવે જો નિત્ય હોય તો બધી જગ્યાએ હોય (વ્યાપક હોય)અને બધામાં હોય તો તમારી ઈચ્છા પરમાત્માને મેળવવાને થઈ કારણ કે પરમાત્મા જ સત્ ચિત આનંદ છે પરમાત્મા સિવાય તમે જે કંઈ જાણો છો તે અનિત્ય છે.

તો હવે પ્રશ્ન થાય કે સત્, ચિત્, આનંદ કયાં મળે ? કારણ કે પરમાત્મા સર્વવ્યાપક કોઈપણ રૂપે નિર્દેશ ન થઈ શકે તેવા સદા એક રસ રહેનારા નિત્ય, અચળ, નિરાકાર, અવિનાશી, સત્, ચિત, આનંદ અનંતરૂપ ઘન છે. એ પરમાત્માને જાણવાનો ઉપાય નિત્ય સુખ મેળવવાનો. એ મેળવવાનો ઉપાય ગુરૂમુખે શાસ્ત્ર શ્રવણથી જ થઈ શકે શાસ્ત્ર એ કઈ લાયબ્રેરીનો ગુટકો નથી પરંતુ પ્રસ્થાનત્રય જ ભણાવી શકે. એ જ આચાર્ય છે પ્રસ્થાનત્રય એટલે કે ઉપનિષદ ગીતાજી અને બ્રહ્મસુત્રના પ્રમાણથી શ્રવણ કરીને પોતાના હૃદયમાં મનન કરીને પરમાત્માં મળે છે જેવી રીતે ભગવાન ગીતામાં અધ્યાય ૧૫/૧૫ માં કહે છે કે

**सर्वस्य चाहं हृदि सन्निविष्टो**
**मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।**
**वेदैश्व सर्वैरहमेव वेद्यो**
**वेदान्तिकृद्वेविदेव चाहम् ॥१५॥**

ભગવાન ઉવાચ :- સર્વસ્ય ચાહમ એટલે કે સર્વના હૃદયમાં હું સત્, ચિત્, આનંદ સ્વરૂપે વાસ કરું છું, સ્થિત છું, સત્ એટલે કે જેનો ક્યારે, ક્યાંય, કદી, કોઈનાથી અભાવ ન થઈ શકે. એ સત્ ચિત્ આનંદ પરમાત્મા માંડુક્ય ઉપનિષદના પ્રભાવથી જોઈએ તો મતઃ સ્મૃતિજ્ઞાન અપૌહનમ ચ ચિત્ત્ એટલે પોતે પોતાને જાણે અને બીજાને પણ જાણે એ જ્ઞાન પરમાત્મા સિવાય બીજે ક્યાંય નથી. પોતે પોતાને ન જણાય અને બીજાને ન જાણે એ જડ. અને અનિત્ય હોવાથી ભયમાં છે અને તેનો અંત છે. આ મતઃ શબ્દનો અર્થ છે જેને ભગવાને ૭/૭ માં સમજાવ્યું છે. **मतः परतरम् नान्य किन्चत जराय्** મારાથી કોઈ અન્ય નાનું કે મોટું છે જ નહિ. સચ્ચિદાનંદ બ્રહ્મ વિશે તૈતરિય ઉપનિષદમાં કહે છે કે સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્ બ્રહ્મ યો વેદ નિહિતમ્ ગૃહાયામ જે અધિકારી જીજ્ઞાસુના હૃદયમાં પ્રગટ થાય છે. તો પ્રાણીમાત્રના હૃદયમાં પણ જયાં વિદ્યાનો અધિકાર છે. તેના માટે પંચદર્શીકાર કહે છે. **परिपूर्ण परमात्मा अस्मिन देहे विद्या अधिकारीणी बुद्धिः साक्षी त्वया स्थित्व पूर्ण अहम् इति तिर्यते ।** એટલે કે જેનું અંતઃકરણ શુધ્ધ છે. તેની બુદ્ધિમાં હું હું હું નું સ્ફુરણ થઈ રહ્યું છે. ચિત્ અને છે સચિદાનંદનો સત્ અને ચિત્ત રીતે અનુભવ થાય છે. વિચાર સાગર પણ કહે છે મતિન લખે, જેહી મતિ લખે. સોમઈ શુદ્ધ અપાર આ શ્લોકમાં મતઃ શબ્દનો અર્થ છે તે મતઃ

સ્મૃતિ જ્ઞાન અપોહનમ ચ શ્લોકમાં સ્મૃતિ જે છે તે સ્વપ્ન છે અને જ્ઞાન જે શબ્દ છે તે જાગ્રત અવસ્થા છે. જાગ્રત અવસ્થામાં તેનો અભિમાની વિશ્વ છે. સ્વપ્ન અવસ્થનો જે અભિમાની છે તે ઈન્દ્રિયો વડે પોતાથી બહાર જુએ છે. જેને બર્હિમુખ તેજસ છે. સ્વપ્ન અવસ્થામાં નવી ઈન્દ્રિયોથી સ્વપ્ન જુએ છે તે અતઃ પ્રજ્ઞ કહેવાય. અપોહનમ જે છે તે જાગ્રત અને સ્વપ્ન રહીત જે અવસ્થા છે તે શુષુપ્ત અવસ્થા છે, તે પ્રાજ્ઞની છે. શુષુપ્ત અવસ્થામાં કઈ કામના નથી મન બુદ્ધિ નથી કેવળ આનંદ છે જેત મુખ પ્રાજ્ઞ છે માન્ડુકય - ૫

**यत्र सुप्तो न कचन कामं कामयते कचन स्वप्नं ।**
**पश्यति तत्सुखम् । सुषुप्तस्थान एकी भुतः**
**प्रज्ञानघन एकनन्द्रिमयो हयानन्द भुक्ते**
**तो मुखः प्राज्ञस्तृतीयः प्राद ॥**

સુષિપ્ત અવસ્થામાં કોઈ કામના નથી મન બુદ્ધિ નથી એટલે આનંદ સિવાય કઈ નથી તે સ્વરૂપમાં જ આનંદ છે પરંતુ જ્ઞાન જન્ય નથી આવા ત્રણ જીવ છે. વિશ્વ, તેજસ, પ્રાજ્ઞ અને તેની ત્રણ અવસ્થા છે. જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ અને એ ત્રણે અવસ્થાને આવે છે અને જાય છે અને સ્થિર નથી કાળ પરિશિન્ન છે અનિત્ય છે એ ત્રણે અવસ્થાને જે જાણે અને સ્થિર છે શાશ્વત છે અચળ છે અવિનાશી છે આનંદઘન છે એ શ્લોકના મતઃ શબ્દનો અર્થ છે. તે પરમાત્મા છે. એ તમારા હૃદયમાં જ ચિત્‌થી આવી શકે. એટલે કે ચેતનથી અનુભવ થાય એ બધીને જાણે, ત્રણે અવસ્થાને જાણે અને જેને કોઈ ન જાણે તે સત્ ચિત્ આનંદ પરમાત્મા છે વેયૈશ્ચ સર્વેહમેવ વેદ્યો - ભગવાન કહે છે હું એક જાણવા યોગ્ય છું જેને જાણીને સહ કારણ દુઃખની નિવૃત્તિ અને પરમાત્માની પ્રાપ્તિ અને મૃત્યુના ભયની નિવૃત્તિ, તે વેદના પ્રમાણથી, આચાર્યથી મેળવી શકાય. જાણી શકાય વેદાન્તકૃત વેદવિદ ચારમ, જગતના કલ્યાણ માટે વેદના રચયિતા પણ ભગવાન છે. અને વેદને જાણે છે પરમાત્મા એટલે કે અપૌરૂષવાણી આચાર્યના હૃદયમાં પરમાત્મા અવતરિત ન થાય. તો તેને જાણી શકાય નહી. જે ઈન્દ્રિયજન્ય નથી. ઈન્દ્રિયો વગર મન જાણી શકે નહિ અને બુદ્ધિ તેની કલ્પના કરી શકે નહી તેથી અપૌરૂષવાણી એટલે કે મન બુદ્ધિથી વાણી પાછી પડે છે.

અવાગં મન અગોચર છે

**यत वाचो निवर्तन्ते अप्राप्यं मनसा सह ।**

એ આચાર્યના હૃદયમાં ભગવાન જ્યારે અવતરિત થાય ત્યારે જ અપૌરૂષવાણી બોલી શકે ઉપર જે ત્રણ અવસ્થા (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ) વિશ્વ, તેજસ, પ્રાજ્ઞ એવી જ રીતે સમષ્ટિ ઈશ્વરની ત્રણ અવસ્થાઓ છે ઉત્પત્તિ, સ્થિતિ, અને લય. જેમ વિશ્વ છે તેમ સમષ્ટિમાં વૈશ્વાનર છે તે સુક્ષ્મ છે જે પ્રાજ્ઞ છે ને સુષુપ્તિ તે સમષ્ટિમાં અવ્યક્ત ઈશ્વર છે એટલે માન્ડુકયના મંત્ર-૬ પ્રમાણે જે પ્રાજ્ઞ છે તે જ ઈશ્વર છે એ જ અવ્યક્ત ઈશ્વર છે.

**एष सर्वेश्वर एष सर्वज्ञ एषोऽन्तर्याज्येष योनिः**
**सर्वस्य प्रभवाप्ययौहि भूतानाम ॥**

ઉપરનું લખાણ હું અભણ હોવાથી યોગ્ય રીતે પ્રસ્તુત કરી શકયો નથી. કયાંય ક્ષતિ રહી ગઈ હોય તો સુધારીને વાંચશો. પરંતુ અનુભવથી, ગુરૂ પ્રસાદથી જે વાંચશો તેની અંતરમુખ વૃત્તિ થશે અને પરમાત્માનો સાક્ષાત્કાર થશે.

**ॐ पूर्णमदः पूर्णमिदम् पूर्णात् पूर्णमुदश्यते ।**
**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते**
**हरि ॐ श्री गुरुवे नमः हरि ॐ**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ. નારી તા.જી. ભાવનગર**
**સ્વ. રાહુલભાઈ ધનજીભાઈ જયંતિભાઈ દરજી (ઉંમર વર્ષ ૩૦) સંવત ૨૦૭૩ ફાગણ વદ ૫ તા. ૧૭/૦૩/૨૦૧૭ ને શુક્રવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**
**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ. ચમારડી તા. વલ્લભીપુર જી. ભાવનગર**
**સ્વ. નાનજીભાઈ ધનજીભાઈ સુતરીયા (ઉંમર વર્ષ ૬૭) સંવત ૨૦૭૩ ફાગણ વદ ૨ તા. ૧૪/૩/૨૦૧૭ ને મંગળવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**
**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# વિકારો પર વિજય

રજુ. લતા અરવિંદભાઈ માંગુકીયા
દડવા (રાંદલ)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય સદ્ગુરૂ ભગવાનના ચરણોમાં કોટિ કોટિ વંદન

આપણે જોઈશું તો દેહ અભિમાન જ સઘળા વિકારોનું મુળ છે. પ્રત્યેક મનુષ્યમાં કામ, ક્રોધ, લોભ, મોહ અહંકાર વગેરે વિકાર થોડા ઘણાં અંશે જરૂર છે પહેલો વિકાર

**(૧) કામ :** સ્ત્રી પુરૂષ કામ વિકારને વશ થઈને પોતાનું 'ઓજસ' તેજ ગુમાવી બેસે છે ને શરીર દુર્બળ બનાવે છે, વૃદ્ધાવસ્થા તથા મૃત્યુને નજીક બોલાવે છે ને અનેક પ્રકારના રોગના શિકાર બને છે. મનુષ્ય શરીર પરમાત્માને મેળવવાનું સાધન ન માનતા ભોગનું સાધન માનવા લાગ્યા છે. કામ પર વિજય મેળવવા મનુષ્ય પ્રથમ પોતાનું અસલ સ્વરૂપને યાદ રાખવું કે હું સત, ચિત, આનંદ સ્વરૂપ છું, હું પરમાત્માનું સંતાન છું, માટે પશુ સમાન ભોગમાં પડી રહેવું તે માં ધર્મ નથી વળી મનુષ્યે એ પણ વિચાર કરવો આત્મા પરમાત્મને જાણવા તેજ સ્વધર્મ છે. લોકો આજે કર્મકાંડ ટીલા ટપકાં ને ધર્મ માની લીધો ઉચ્ચ નિયમો અને ધર્મ પ્રત્યેની ધારણા પુસ્તકોમાં બંધ કરીને રાખી મુકી છે. માટે કામ, ક્રોધ મારો સ્વભાવ નથી આ વિચાર થી દ્રષ્ટિ ને વૃત્તિ બદલાવવાની છે માટે કામ વિકારને કાબુમાં રાખવો જોઈએ.

**(૨) ક્રોધ પર વિજય :** ભગવાન ગીતામાં કહે છે અ. ૨ શ્લોક ૬૩

**ક્રોધાદ્ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ।**
**સ્મૃતિભ્રંશાદ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ॥**

ક્રોધથી ઘણી મુઢતા આવે છે મૂઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઉભો થાય છે. સ્મૃતિમાં ભ્રમ ઉભો થવાથી બુદ્ધિ અર્થાત જ્ઞાન શક્તિ નો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થવાથી એ પુરૂષનું પોતાની સ્થિતીથી પતન થાય છે. ક્રોધમાં આવેશમાં આવીને વિવેક ભુલાય છે. કહેવત છે કે ક્રોધથી માટલાનું પાણી સુકાય છે પાણી તો શું ક્રોધી મનુષ્યનું લોહી પણ સુકાય જાય છે ક્રોધ સંસારના વૃક્ષો ઉખેડીને સંસારને ઉજ્જડ બનાવે છે. ક્રોધથી મનુષ્યને ઉદ્વેગ, દ્વેષ, ઈર્ષ્યા નારાજ થવું હિંસા વેર વિરોધ ઉત્પન્ન કરે છે. ક્રોધ મારો મૌલિક ધર્મ નથી બીજાને દુઃખી કરનાર પોતેજ દુઃખી થાય છે. જેમ ગરમ લોખંડ ઠંડા લોખંડને કાપી શકે છે તેમ ગરમ મનુષ્યની સાથે ઠંડા રહીને જ સફળતા મળે છે.

**(૩)લોભ :** લોભ એવો વિકાર છે મનુષ્ય ને એવો મીઠો લાગે છે જેમ કીડાઓ ચાસણીથી આકર્ષાતા તેમાં ફસાય ને મરે છે તેમ લોભી મનુષ્ય પણ ધન માં આકર્ષાય ને ફસાઈ છે લોભી સદાય અતૃપ્ત અને અસંતુષ્ટ રહે છે તેની તરસ કદી છીપાતી નથી ને લાંબી લાંબી તૃષ્ણાથી પિડાતો હોય છે. લોભીમાં ઈર્ષ્યા ને દ્વેષ પણ હોય છે તો જેમાં ઈર્ષ્યાનો અગ્નિ અને દ્વેષના દાવાનળ સળગતો હોય તે પરબ્રહ્મ નું સાચુ સુખ પ્રાપ્ત નથી કરી શકતો જીવન નિર્વાહ માટે ભલે પૈસા કમાવો પણ પ્રકૃતિની પાછળ દોડવાથી ઈશ્વરથી દૂર થઈ જવાશે પોતે ઘરડા થાય પણ લોભની તૃષ્ણા યુવાન થાય છે માટે લોભીને છોડવો ને સંતોષ જેવા સદ્ગુણો ધારણ કરવા

**(૪)મોહ મમતા :** કેમકે મોહના કારણે જ મનુષ્ય દુઃખી થાય છે મોહ મમતા વારંવાર ગર્ભ જેલમાં નાખે છે મોહની જાળમાંથી છુટવા માટે મથે છે પણ જેમ વિષયનો કિડો નિકૃષ્ટ આકર્ષણમાં બંધાયેલો રહે છે તેમ વિષયમાંથી બહાર નિકળવા માંગતો જ નથી. તેમ મોહને વશ થઈ માનવ હાડકાં ચામડા તથા માસના બનેલ શરીરને જળોની માફક લાગી રહે છે. વારંવાર દેહરૂપી નરકમાં પડયાં છતા યે મોહને છોડતો નથી. મોહી મનુષ્યની બુદ્ધિ સંસાર પ્રત્યેની પ્રિત કરતી હોય છે પરમાત્માંથી વિપરીત થઈ જાય છે. અંતે યા મતિ સાઃ એવંગતિ ના નિયમથી ફરી ત્યાંજ જન્મે ને ત્યાંજ મરે છે. આથી મોહની દોરી ખુબ સુક્ષ્મ છે તેથી દેખાતી નથી પણ સાકળથી પણ વધુ મજબુત છે તેથી જન્મ જન્માંતર થી તૃપ્તી થતી જ નથી માટે અંતિમ જન્મ છે વિનાશની આગ ભભુકી રહી છે જેમાં સૌનો અંત આવવાનો છે માટે મૃત્યુ પહેલાં જ કામ, ક્રોધ, લોભ, મોહ જેવા વિકારો ઉપર વિજય મેળવી લઈએ ને પરમાત્માનો સહારો લઈ લો.

# જીવનની પળેપળ પ્રભુસ્મરણમાં ખર્ચો !

લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

આપણે ધારીએ છીએ તેના કરતાં આ જીવન વધુ કિંમતી છે, માટે તેની સાચી કિંમત આંકવી જોઈએ. જ્યારે તમે તમારા જીવનની પ્રત્યેક ક્ષણ ઈશ્વરસ્મરણમાં ખરચતાં થશો, ત્યારે જ તમે સચી કિંમત સમજશો; નહિ તો તે મહામૂલું ધન એમ ને એમ વેડફાઈ જશે !

સાવધાન બનીને જીવનની કિંમતી પળોને પ્રભુચિંતન ને ભગવત્સેવામાં જ ખર્ચો.

માત્ર શરીર અને વાણીથી જ નહિ, પણ મનથીયે નિરંતર પ્રભુનું સેવન કરો.

હૃદયરૂપી રાજમહેલમાં કોઈ ચોર ઘુસી ન જાય તેની તકેદારી રાખો.

તમારી અસાવધાનીનો લાભ લઈને જે જે ચોરો પહેલાં ચિત્તમાં પ્રવેશ્યા છે, તેમને શોધીશોધીને હાંકી કાઢો; અને એવી સજા કરો કે, ભવિષ્યમાં તમારી તરફ ફરકવાની કલ્પના સુદ્ધાં ન કરી શકે.

તમને કદાચ એમ થશે, કે એ ચોર કોણ ! આમ તો ચોરનું જુથ બહુ મોટું છે; છતાં કામ, ક્રોધ, અભિમાન, દંભ, મોહ, ઈર્ષા, અસૂયા, વેર વગેરે તેમના આગેવાનો છે. બારીક નિરીક્ષણ કરીને હૃદય-પ્રદેશમાંથી તેમને હદપાર કરો. જ્યાં સુધી ચિત્તમાં વિકારોની હયાતી છે ત્યાં સુધી પરમાત્માના મિલનથી બહુ દૂર છો, એ નક્કિ માનજો.

આ ચોરને ભગાડવાનો સરો રસ્તો એ છે કે, હૈયાના સિંહાસન ઉપર પ્રભુને બેસાડવાનો પ્રયત્ન કરો. પછી જેમ અજવાળાનું આગમન થતાં અંધારું અદ્રશ્ય થાય છે તેમ, આ બધા આપોઆપ પલાયન થઈ જશે. મનનું પ્રભુ સાથે એવું જોડાણ કરી નાખો, કે જ્યાં પ્રભુ જાય ત્યાં જ મન જાય. હોંશિયાર વેપારી જેમ નફા તરફ ખાસ ધ્યાન રાખે છે તેમ, પ્રત્યેક ક્ષણનો હિસાબ રાખો.

એક ક્ષણ માટે પણ પ્રભુ સાથેનો મનનો સંયોગ ન તુટે તેની ખાસ ચીવટ રાખો.

એવું તો માનશો જ નહિ કે મન બહુ જ બળવાન છે, એટલે એને પ્રભુના ચરણાવિંદમાં કેવી રીતે કેદ કરી રાખવું ! હકીકત એ છે કે તમારી પાસે જેટલી શક્તિ છે તેની સરખામણીમાં મન પાસે તો કંઈ જ શક્તિ નથી, એવું કહીએ તો તેમાં અતિશયોક્તિનો બહુ ભય નથી.

વળી, તેની પાસે જે થોડીઘણી શક્તિ છે તે પણ તમે આપેલી છે.

કરોડાધિપતિ શેઠને બે-ચાર હજારની મૂડીવાળા મામૂલી માણસથી ડરવાનું કોઈ કારણ નથી; છતાં ડરે તો પોતાની શક્તિનો ખ્યાલ નથી એમ જ કહેવું જોઈએ ને !

તમે મનના માલિક છો; મન તો તમારો એક નાચીઝ નોકર છે. તમારા જ દાંતથી તમે તમને દબાવી બેઠું છે. હિંમત કરીને એકાદ જોરદાર ધક્કો મારશો તો તે પોતાની અસલ જગ્યાએ આવી જશે અને તમારી ગુલામી કરતું થઈ જશે.

સમગ્ર બળના ભંડાર સમા પ્રભુનું શરણું સ્વીકારીને તેમની શક્તિ પર દ્રઢ વિશ્વાસ રાખો. વિશ્વાસનો વાસ થશે કે તરત જ મનનું જોર મંદ પડી જશે. પછી તમને ખાતરી થશે કે દૈવી શક્તિની આગળ આસુરી શક્તિનો કંઈ હિસાબ જ નથી. ત્યાર બાદ જ તમારા 'શેઠ' બની બેઠેલા આ બધા લોકો તમારા વર્ચસ્વને સ્વીકારીને તમારી ખુશામત કરવા મંડી પડશે.

ઈન્દ્રિયોના ભોગોમાં જ જેને સુખનાં દર્શન થાય છે તે વ્યક્તિ મનની ગુલામીમાંથી કદાપિ મુક્ત થઈ શકતી નથી. ભોગોમાં સુખ રહેલું છે એવી ભ્રામક માન્યતાને મારી નાખો. સુખનુ સ્થાન તો કેવળ ભગવાન જ છે ને એ ભગવાન તમારા પોતાના જ છે.

ભગવાનમાં સુખ દેખાશે ત્યારે માયાના પદાર્થોમાં ભાસતાં આ મિથ્યા સુખો તદ્દન તુચ્છ લાગશે. જાગ્યા પછી સૂવાનું રહે ખરું ?

આ સંસાર એક ધર્મશાળા છે. ધર્મશાળામાં ઉતરનારે હરપળે તૈયાર રહેવું જોઈએ. આપણે પણ આ ધર્મશાળાના અધિક્ષક (સુપરિન્ટેન્ડન્ટ) ના

હુકમની રાહ જોઈને બિસ્ત્રાપોટલાં તૈયાર રાખવા જોઈએ. અહીંની ધર્મશાળામાં દરેક પેસેન્જરને એક જ કાયદો લાગુ પડે છે; જ્યારે પ્રભુની ધર્મશાળામાં તો, કાયદો હોવા છતાં, દરેક વ્યક્તિને અલગ અલગ કલમો લાગુ પડે છે. કઈ મિનિટે કોને માટે કયો હુકમ આવી પહોંચશે, એનો ખ્યાલ કોઈને આવી શકતો નથી.

વળી, અહીંની ધર્મશાળામાં તો બે આંખની શરમ પડે છે, જ્યારે ત્યાં કોઈની લાગવગ કામ કરતી નથી. બધાને એક જ લાકડીએ હાંકનાર એ ગોવાળ છે.

ધર્મશાળા એ જાહેર સ્થાન હોવાથી ત્યાં આવનારા ને ઉતરનારા બધા માણસો એકસરખા હોતા નથી. કોઈ સારી વૃત્તિના હોય, તો કોઈ ખરાબ વૃત્તિના પણ હોય. માટે એવા બદમાશોથી ખાસ ચેતતા રહેજો ! કામ-ક્રોધાદિ ચોરો તકની રાહ જોઈ ટાંપીને જ બેઠા છે.

આ જગત આપણું ઘર નથી; સાચું ઘર તો પ્રભુનું ધામ છે. કોઈને ઘેર મહેમાન બનીને જઈએ તો બે-ચાર દિવસથી વધારે ન રહેવાય. કદાચ બહુ પ્રેમ હોય તો બેચાર મહિના યા વરસ-બે-વરસ ભેગા રાખે. પરંતુ ઘરધણીની મરજી વિરૂદ્ધ જિંદગીભર ત્યાં જ અડ્ડા જમાવવાની જીદ કરવી એ ઠીક નથી. તેમ છતાં, નહિ મનો તો, 'કાયદેસર પગલાં' ભરી પાણીચું પકડાવશે.

એટલે વિશ્વરૂપી આ ધર્મશાળામાં કાયમ માટે રહેવાની ગણતરી બાંધી હોય તો આજે અને અત્યારે જ મગજમાંથી બહાર કાઢી નાખજો. નહિ તો 'કાયદેસર પગલાં' ભરશે ત્યારે તમારી ફજેતી થશે. આબરૂ જેને વહાલી હોય એવો કોઈ પણ સમજુ માણસ ફજેત થવાનું ઈચ્છે ખરો ? માટે સાવધાન !

## ગુરૂ અખંડાનંદજીનું તપ

**વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસીયા**
**પીપળીયા**

**(રાગ - સુદામાજી દ્વારિકામાં આવ્યા રે)**

અખંડાનંદજી તપ કરવાને હાલ્યા રે -
કાશી કેરા ઘાટમાં રે...
એજી એને ગુરૂજીનો છે સંગાથ - વૈરાગ કેરા વાટમાં રે
મોહમાયા નાખી તોડી - સગા સંબંધી દીધાં છોડી
એજી એણે ગુરૂજી સાથે પ્રિતડી જોડી રે -
મલકાણાં એનાં મુખડાં રે...અખંડા...૧

બાર બાર વરસ તપ કીધું કાશી વિશ્વનાથે પારખું લીધું
એજી એણે પાછું પગલું ન દીધું રે -
દુઃખડાં સહ્યા દેહના રે...અખંડા...૨

ઈંગળા ને પીંગળા સુષુમણાં સાધી -
દસે ઈન્દ્રિયોને વશ કરી દીધી
એજી એણે અખંડ સમાધિ ચડાવી દીધી રે -
જ્યોત્યું ઝળહળે બ્રહ્માંડમાં રે...અખંડા...૩

વેદ પુરાણને કંઠે કીધાં સર્વ શાસ્ત્રને જાણી લીધાં
એજી એણે દુનિયાને બોધ દીધાં રે -
ફેરા ચોરાશીના ટાળવા રે...અખંડા...૪

તત્ત્વમસિનો બોધ લીધો - કામને એણે બાળી દીધો
એજી એણે ક્રોધને કરી દીધો સીધો રે
લોભે લલચાણા નહીં શામળા રે...અખંડા...૫

મહામંડલેશ્વર અખંડાનંદ જોગી - તમે છો પૂર્વના યોગી
એજી એતો બ્રહ્મના બનીયા ભોગી રે -
જન્મ મરણનું બીજ બાળીયું રે...અખંડા...૬

ગુરૂ શિવોહંસાગર મળીયા - ચોરાશીના ફેરા ટળીયા
એજી એતો ગુરૂજીના વચને પળીયા રે -
પૂજાણા એનાં પાવલાં રે...અખંડા..૭

દાસ તમારો વાલજી કહે કરજોડી -
અમારી મમતાને નાખજો તોડી
એજી ગુરૂજી અમને લેજો તેડી રે -
ચરણોમાં રાખો શામળા...અખંડા...૮

મારી અરજી સ્વીકારો ગુરૂ દેવ રે, અખંડાનંદ ગિરધારી
મારે એક તમારો આધાર રે,
અખંડનંદ ગિરધારી...૧
મને ભવસાગરમાંથી તારો, અખંડાનંદ ગિરધારી
મારો ફરી નો આવે ચોરાશીનો વારો,
અખંડાનંદ ગિરધારી...૨
પ્રથમ નમું ગુરૂ દેવને, લળી લળી લાગુ પાય,
સ્મરણ કર્યે વહેલા આવજો રે, મને આનંદ અનેરો થાય રે
અખંડાનંદ ગિરધારી...૩
પીપળીયામાં તમે પ્રગટ થયા, ધર્યું અખંડાનંદ નામ
કીર્તિ તમારી જળહળી રે, તમે ભક્તોના તારણહાર રે
અખંડાનંદ ગિરધારી...૪
ઓહમ્ સોહમ્‌ના જાપ જપી, ધર્યું ગુરૂજીનું ધ્યાન
મોહમાયાને અળગી કરી રે,
તમે નિજાનંદમાં થયા મસ્તાન રે
અખંડાનંદ ગિરધારી...૫
ઈંગળા પીંગળા સુષુમણા સાધી, ત્રિવેણીમાં લાગ્યો તાર
દસ પ્રકારના નાદ વાગવા લાગ્યા રે,
તમે ઉજાળ્યો મનુષ્ય અવતાર - અખંડાનંદ ગિરધારી...૬
જીવ શિવનો તમે ભેદ ટાળ્યો, રમી રહ્યા બાવન બાર
નાભી કમળમાં નાદ ગુંજાવ્યો રે,
તમે સમજી ગયા વેદનો સાર રે...
- અખંડાનંદ ગિરધારી...૭
કાશી વિશ્વનાથને તમે પ્રસન્ન ર્ક્યા, ન રહ્યું દેહનું ભાન
પોતે પોતામાં ભળી ગયા રે, તમે બ્રહ્મમાં થયા મસ્તાન રે
- અખંડાનંદ ગિરધારી...૮
અગમ-નિગમની વાત જાણી, ષટ્‌ચક્રોને નાખ્યા છેદી
ભવનું ભટકણ મટી ગયું રે, તમે મનને ર્ક્યું છે કેદી રે...
- અખંડાનંદ ગિરધારી...૯
સંકલ્પ વિકલ્પને સ્થિર ર્ક્યું, મોહ માયા અળગી જાય
ભદ્રામુદ્રા કરી બ્રહ્મનું ધ્યાન ધર્યું રે,
તેમાં અજંપા જાપ જપાય રે...
- અખંડાનંદ ગિરધારી...૧૦
છપ્પન વર્ષે સમાધિ લીધી, ઝળહળ થયો પ્રકાશ
જ્યોત્યું જળહળી ત્રિલોકમાં રે, વાગ્યા દુંદુભી નાદ રે
- અખંડાનંદ ગિરધારી...૧૧
ગુરૂ અખંડાનંદનું સ્મરણ કરશે તે સંસાર સાગર તરી જાય
ગુરૂ પ્રતાપે વાલજી કહે રે, સૌને અખંડ આનંદ થાય રે
- અખંડાનંદ ગિરધારી...૧૨

## **ગુરૂનો વિરામ** (રાગ - છંદ)

ગુરૂ અખંડાનંદ સ્વામી - છો બહુનામી છતાં અનામી
તમે શું કામ લીધી વિરામી -
ગુરૂ અખંડાનંદ સ્વામી
તમે શું કામ લીધી વિરામી ૧
બરાબર જામી એમાં કાંઈ નો‘તી ખામી,
તમારી આગળ અઢળક હતી દામી
તમે શું કામ લીધી વિરામી -
ગુરૂ અખંડાનંદ સ્વામી
તમે શું કામ લીધી વિરામી-૨
ભક્તોની ભીડ બરાબર જામી સાકાર રૂપે
નથી એક અખંડાનંદ સ્વામી
એ જ અમારે મોટી ખામી
તમે શું કામ લીધી વિરામી
ગુરૂ અખંડાનંદ સ્વામી
તમે શું કામ લીધી વિરામી ૩
ગુરૂ અખંડાનંદ સ્વામી તમે બ્રહ્મગતીને ગયા પામી
અમારામાં શું આવી ખામી
તમે શું કામ લીધી વિરામી અખંડાનંદ સ્વામી -
તમે શું કામ લીધી વિરામી...૪
ગુરૂ અખંડાનંદ સ્વામી તમે નાની વયમાં કરી નકામી
આ દુઃખીયાને દુઃખ ઉપર દીધી ડામી.
તમે શું કામ લીધી વિરામી
ગુરૂ અખંડાનંદ સ્વામી
તમે શું કામ લીધી વિરામી...૫
દાસ વાલજી કહે શીશ નામી -
તમે દર્શન દેવા આવો સ્વામી
તો અમે અખંડ સુખને જાય પામી
તમે શુ કામ લીધી વિરામી -
ગુરૂ અખંડાનંદ સ્વામી
તમે શું કામ લીધી વિરામી...૬

# સુસ્વાગતમ્ (ભાગ - ૨)

જે વસાવવું હોય તે વસાવી લો. જે જલસા કરવા હોય તે કરી લો, પૈસા ચૂકવી શકાય તો ચૂકવજો અને નહિતર હાથ ઉંચા કરી દે જો ! રે કરૂણતા !

જીવનને સ્વસ્થ અને મરણ મસ્ત બનાવવું છે ? તો બની જાઓ આ ચાતકપક્ષી જેવા, વચન-કાયા કદાચ સંસારમાં પણ મનતો ધર્મમાં જ ફાવી જશો. કોઈપણ વ્યસનીએ વ્યસનમુક્ત બનવામાં સફળતા મેળવવી હોય તો શરૂઆત એણે વ્યસની મિત્રોની સોબત છોડવાથી કરવી જોઈએ છે કે જેના માટે એની લગભગ તૈયારી હોતી નથી. જો પહેલા વ્યસની મિત્રતાનો છેડો ફાડી નાખે તો જરૂરથી ફાવી જશો.

દામ્પત્યની સફળતામાં એકબીજાની રુચિઓ તથા માન્યતાઓનો આદર અને સહિષ્ણુભાવ રાખવો. એ જરૂરી શરત છે. અનેક પ્રતિકૂળતામાં પણ સ્ત્રી છૂટી થવા નથી માગતી, એની પ્રતિતી થતાં જ પુરૂષ વધુ બેફામ થઈ શકે છે. કારણ ખાનદાન સ્ત્રીની આવી કમજોરી તેને બેફામ થઈ શકે છે. ઘણીવાર આવી જ દશા ભદ્ર પુરૂષની, અભદ્ર સ્ત્રી દ્વારા પણ થતી હોય છે. ઘણીવાર પૈસાદારને મહત્ત્વ આપનારો વર-કન્યા આલીશાન બંગલા અને ગાડીઓ વગેરે તો મેળવે છે. પણ ઘણીવાર આદર્શ વિનાનાં આ લોકો જીવન ખોઈ બેસે છે. એમાંથી વિકટ પ્રશ્નો ઉભા થાય છે. લગ્નસંસ્થા અને દામ્પત્યની ઢીલી સ્થિતિ માટે એક બીજું પણ મહત્ત્વનું કારણ છે. સ્ત્રીઓમાં વધી રહેલું સ્વાભીમાન અથવા “ઈગો” પહેલાં સ્ત્રીમાં અપાર સહનશક્તિ રહેતી. રાખવી જ પડતી, કારણ કે બીજે કયાંય પગ મૂકવાની જગ્યા જ ન હતી. અને પોતાના પગ ઉપર ઉભા રહેવાની શક્તિ ન હતી. હવે સ્ત્રી ભણી-ગણીને પોતાના પગ ઉપર ઉભા રહેતી થઈ છે. હવે તે પહેલા જેવું અને જેટલું સહન કરવા તૈયાર નથી. કોઈવાર સ્વાભિમાન તો કોઈ વાર “ઈગો” તેનામાં દાવાનળની માફક ભડકી ઉઠે છે. જે વિચ્છેદ અને વિગ્રહ સુધી પહોંચી જાય છે. સૌથી મોટી એલર્જી. માણસને માણસ પ્રત્યેની થતી હોય છે. ડહાપણ - સમજણથી થોડું ધુળ ઉપર લીપણ કરી શકાય, પણ તેની રામબાણ દવા હજી સુધી શોધાઈ નથી. આ તીવ્ર માનવ એલર્જી એ જ જીવતું નરક છે. મોટાભાગે છૂટાં ન થઈ શકતાં એવાં ખાનદાન પરિવારોમાં પતિ-પત્ની માટે આ નરકનું પ્રમાણ વધારે જોવા મળશે.

સુખી દાંપત્ય તે અનુભૂતિનો વિષય છે. અનુભૂતિ મિત્રો સંતોષમાંથી આવે છે. સંતોષ સમજણમાથી આવે છે. સમજણ વાંચન, ચિંતન અને મનનમાંથી આવે છે અને આ બધું જ જીવન પ્રત્યેના હકારાત્મક અભિગમમાંથી મળે છે. આપણાં પોતાનાં દાંપત્યજીવન અંગે થાય છે એવું કે આપણે જે ફૂટપટ્ટીથી આપણું અને અન્યના દાંપત્યજીવનો તપાસીએ છીએ તે ફૂટપટ્ટી જ ખોટી છે. જગતમાં જેમ બે ચહેરા સરખા નથી હોતા બે શરીર સરખાં નથી હોતાં તેવી રીતે બે દાંપત્યજીવન પણ સરખાં નથી હોતા. પણ સત્ય એવું પણ છે કે સાવ જૂદી રીતે જીવતાં દંપતીઓનું સુખ એક સરખા પ્રકારનું હોઈ શકે. કેવી રીતે ? આવો સમજીએ દા.ત. આર્થિક મર્યાદા, સંયુક્ત કુટુંબ, સમયની મર્યાદા વચ્ચે જીવતું દંપતી પણ પોતાના સમરસના વિષયોની પ્રવૃત્તિમાં સામેલ થઈને પોતાનો આનંદ લૂંટી લે અને જે સુખ અનુભવે તે સુખના આધારે તે બાકી બધા પ્રશ્નોને હસતા મુખે સામનો કરી શકે અને એ દાંપત્યજીવન સુખી હોય છે. સામે પક્ષે નોકરી કરતાં પતિ-પત્નીને સાથે રહેવાનો સમય જ મળતો નથી હોતો, પણ ઓચિંતી પ્રાપ્ત થયેલી રજા કે સત્તાવાર રજાને દિવસે વહેલી સવારે ઉઠીને શહેરની જાણીતી દાળવડાની લારી (અગર કોઈપણ નાસ્તો) સ્કુટર ઉપર જઈ અને નાસ્તો કરી લેવો. સાથે મોરનીંગ વોક કરવો, સાથે ચા પીવી, અને પાછું ઘેર આવી જવું. એ ઘટના દાંપત્યજીવનમાંથી આનંદ ચોરી લેવાની ઘટના છે. આ બંને કિસ્સા સામસામા છે. પણ એમાં સમાનતા એ છે કે અહીં વૃત્તિ કશુંક સુખ મેળવી લેવાની છે. સંસાર જીવનની માળાજાળ, જવાબદારીઓ, એ બધું તો દામ્પત્યજીવન સાથે આવતું જ હોય છે. અને તે બધું ક્યારેય સારું કે સરળ નથી હોતું. પણ જે અયોગ્ય છે તેનો સામનો કરીને તેમાંથી સુખ મેળવી લેવાની આવડત એ છે સુખી દામ્પત્યજીવન જીવવાની ચાવી છે. આ ચાવી મેળવી લેવી એ પણ આપણી જવાબદારી છે. આપણી

આંખ અને દ્રષ્ટિ ખુલ્લી રાખવી રહી.

આપણે ત્યાં દાંપત્યજીવનમાં ૨૫,૫૦ કે ૭૫ વર્ષ પૂરાં કરનારા લોકો આજે પણ મળે છે. આ બધા લોકોનાં તમામ વર્ષો સુખમય જ ગયા હશે એમ માની લેવાની જરૂર નથી. વેદના, દુઃખ, ઝઘડા,મતભેદ, અબોલા, અસુખ, કામચલાઉ વિરહ વગેરે આ બધુ આ વર્ષો દરમિયાન આવ્યા જ હોય. પણ મહત્ત્વનું એ છે કે તેને એક કામચલાઉ મુકામ ગણીને આગળ ચાલતા આવડે છે કે નહીં એ મહત્ત્વનું છે. સુખી દાંપત્યજીવન જીવવા માટે ભૂલતાં આવડવું જોઈએ. માફ કરતાં પણ આવડવું જોઈએ. સામી વ્યક્તિને આપણી સચ્ચાઈનો અહેસાસ કરાવતાં પણ આવડવું જોઈએ. દામ્પત્યજીવનમાં કંટક અને વિઘ્નો આ માર્ગ ઉપર આવવાનાં છે. એનો સામનો કરવાનો છે. એને દૂર કરવાનાં છે. આવી સમજણ મળી જાય તો સુખી દાંપત્યજીવન એ જીવનની વાસ્તવિકતા બની શકે. કલ્પિત ભય કે કલ્પિત માન્યતા તમને દુઃખી કરે છે. આમાંથી નીકળો તો દામ્પત્યજીવન મધુરું છે.

આખા દિવસની તનતોડ મહેનત પછી રાતે પથારીમાં પડતાંની સાથે જ ઊંઘ આવી જાય તેનાથી મોટું સુખ બીજું કોઈ નથી. રોટલા સાથે મરચું મીઠુંને ડુંગળીની ફાડ હોય, તેવાં લોકોને જો રોટલા સાથે શાક મળી જાય તો એમને જીવતા જીવ સ્વર્ગનાં સુખનો અનુભવ થયો લાગે. ક્યારેય મિત્રો વહેલી સવારે ફરવા નીકળો ત્યારે ખુલ્લામાં રાતવાસો કરીને સવારે વહેલા ઉઠેલા મજૂર પરિવારને જો જો - પત્ની પથ્થરના ચૂલાપર તાવડી મૂકીને રોટલા શેકતી હોય, પતિ ઉભા પગે બેઠો બેઠો બીડી ફુંકતો હોય અને એમનાં નાગાંપૂગાં સંતાનો પ્રસન્નચિત્તે દોડાદોડી કરતાં હોય, જો મિત્રો સુખ નરી આંખે દેખી શકાતું હોય તો આવા દ્રશ્યો સુખના દ્રશ્યો હોય છે.

નાના માણસોની સુખ વિષેની બીજી વાત કરું. મેઈન રોડ ઉપર ઝાડુવાળવાવાળા ભાઈ, સફાઈકામ કરતાં ભાઈ બીડી સળગાવે છે, પરંતુ ખુલ્લી જગ્યા અને પવનના કારણે બીડી સળગતી નથી. આ દ્રશ્ય તેની ઘરવાળી જોયા કરે છે. તુર્ત તે નજીક આવી તેની ઓઢણીનો છેડો આડો ધરીને ઉભી રહે છે. ભાઈ બીડી સળગાવવામાં સફળ થાય છે. અને તે ક્ષણ બંનેના ચહેરા પર ખૂશીની લહેર ઉઠે છે, સ્માઈલ આવે છે. સંઘર્ષમય જીવનની વચ્ચે પણ સુખની અમુલ્ય ક્ષણો કેવી રીતે લે છે . તે જોવા જેવું છે. તે ક્ષણ પરમસુખની છે. સુખી થવા માટે વધારે દુઃખી થવાની જરૂર નથી. સંતુષ્ટ રહેવાથી સુખી રહી શકાય છે. સુખી થવું આપણા હાથની વાત છે. માણસ માત્ર ગમે ત્યાંથી આનંદ મેળવી શકે છે. રક્ષાબંધનને દિવસે સવારે ૧૦.૩૦ કલાકે હું મારા બેડરૂમની બારી પાસે ઉભો હતો. સામે ચાર રસ્તા પર ખુબ જ ટ્રાફીક થઈ ગયો હતો ચારે બાજુ કોઈ વાહન નીકળી શકે તેમ નહોતું. અડધો કલાક પત્યા પછી બે જુવાન છોકરા ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના પોતાનું વાહન સાઈડમાં પાર્ક કરી સેવાભાવે ધીરે ધીરે પ્રેમથી સમજાવીને એક સાઈડ ખુલ્લી કરીને એક કલાકની મહેનત કરી ટ્રાફીક નિયંત્રણમાં લાવવામાં સફળ થયા. ટ્રાફીક નિયંત્રણમાં આવ્યા પછી બંને જણાં એટલા મનથી ખૂશ હતાં. તે હું મારા ઘરેથી જોતો હતો. પરમ આનંદ લઈ પોતાના વાહન લઈ તે તેમના મુકામ તરફ પ્રયાણ કર્યું. મિત્રો માણસો ધારે તો ગમે ત્યાંથી આનંદ મેળવી શકે છે. બીજો એક દાખલો આપું. હું મારી ઓફીસથી મારી વેગેનાર ગાડી તરફ પહોંચ્યો. મારા હાથમાં સામાન ભરેલું કાર્ટુન (દાગીનો) હતો. વજનવાળી વસ્તુ હતી. રીમોર્ટથી લોક ખોલુ માંડ આંગળીથી દરવાજો ખોલવાની કોશિશ કરું પણ દરવાજો બંધ થઈ જાય. નજીકમાં જગ્યા ગંદી હતી. કાર્ટુન નીચે મુકાય તેમ હતું નહી. આ ખેલ એક ગરીબ માણસ સાયકલ ચલાવતો મારી નજીકથી પસાર થયો. તેણે બરાબર જોયું તેણે તુર્ત પેતાની સાયકલ બાજુમાં પાર્ક કરીને મારી પરિસ્થિતીનો તાગ મેળવી તુર્ત દરવાજો પકડી મને ગાડીમાં સામાન મુકાવવામાં મદદ કરી. એ વખતે તેના ચહેરા ઉપર મે જે ભાવ જોયો. તેનો આભાર માન્યો ત્યારે તે માણસ ગદ્ગદ્ થઈ ગયો. ખુબ જ મારી કરતાં તે ખુશ વધારે થયો. આવા ઘણા કિસ્સા આપણી વાસ્તવિક જીંદગીમાં બનતા જ હોય છે. તેમાંથી પણ માણસને આનંદ લેતા આવડે તો આનંદ લઈ ખૂશ રહી શકે છે.

મિત્રો મકાન અને ઘરમાં ફરક છે. મકાન ઈંટ-ચૂનો, રેતી અને પથ્થરનું બને છે. જ્યારે ઘર સ્નેહ સંવેદના અને સહકારથી બને છે. એટલે જ મકાન મજબૂત હોય પણ એમાં વસતા કુટુંબમાં સ્નેહ, સમર્પણ અને સહકાર ન હોય તો તે ઘર ટકી શકતું નથી. ઘરમાં વસતાં પ્રત્યેક જણે તેની સાચી અસ્મિતા

જળવાઈ રહે તેમ જીવીને એને ટકાવી રાખવાનું હોય છે. ઘર છે તો સમસ્યાઓ આવશે અને ક્યારેક કશાક માટે સંઘર્ષ પણ કરવો પડવાનો પણ એ વાવાઝોડાં જેવાં સંઘર્ષમાં સૌ પરસ્પરના હાથ પકડી રાખે ત્યારે ઘરને આંચ આવતી નથી. સંઘર્ષના વાવાઝોડા વચ્ચે ટકી રહેવાની સમજણ ઘરની વ્યક્તિઓની વીખરાઈ જવા દેતી નથી. સમજણ એટલે ? સમજણ એટલે ઘરની અન્ય વ્યક્તિઓના શ્રેયનો વિચાર કરી જીવવું તે, પોતાની અગ્રિમ જરૂરીયાતોને પાછળ રાખી અન્યની ઈચ્છાઓની પૂરી કરવી તે, પોતાના પિતાની આર્થિક સ્થિતિ સ્કૂટર ખરીદી આપી શકે તેવી નથી માટે સ્કુલ અથવા કોલેજ જવા માટે સાયકલ પર સહેજ વહેલો નીકળી જતો વિદ્યાર્થી શ્રીમંત માતાપિતા પાસે જિદ્દ કરી ખરીદેલી મોંઘી મોટરસાઈકલ પર આવતા વિદ્યાર્થી કરતાં વધુ સમજણ ધરાવતો હોય છે. આવી નાનકડી સમજણ ઘરમાં સૌને સ્નેહના તાંતણામાં પરોવીને રાખતી હોય છે.

કેટલીક વાર સ્ત્રીઓ ઘરને વધુ સગવડવાળું બનાવવા ક્યારેક બીજાનું જોઈને બિનજરૂરી હોય તો પણ પતિ પાસે લોન લેવડાવી ખર્ચ કરે છે. પૈસા પતિ-પત્નિની નિકટતામાં તિરાડ પાડી તણાવ સર્જી શકે છે. પરંતુ પત્ની સંતોષ રાખે “મારે આટલું પૂરતું છે”“મારે આ ચાલશે” તેવું સંતોષકારક વલણ ધરાવતાં લોકોના ઘરમાં ભલે ઝાઝી સગવડો ન હોય તો પણ સરસ રીતે રહેતો હોય છે. ઘર સ્થગિત થઈ જવું ન જોઈએ. તે ચાલતું રહેવું જોઈએ. ઘરને ચલાવતાં ન આવડતું હોય તેનું ગૃહસ્થજીવન નિષ્ફળ બને છે.

હું જ્યારે નાનો હતો ત્યારે મારાં દાદીમાં જૂના સ્વચ્છ ગાભાના ટુકડા એકબીજા સાથે હાથે દોરાથી સીવીને ચંદરવો બનાવતાં. ગાભા ખૂણામાં ઢગલો થઈ પડયા હોય ત્યારે તે નકામા જણાતા. પણ પરસ્પર સાથે ગૂંથાઈને એ ચંદરવારૂપે પ્રસ્તુત થતા ત્યારે આકર્ષક રૂપ ધારણ કરતાં. અગવડવાળા, સાંકડાં ઘરમાં અભાવો વચ્ચે રહેતા એક જ કુટુંબના સભ્યો સાથે હોય તો પણ વિખરાયેલા ગાભાના ટુકડા હોય છે. પણ ભીતર પડેલી શક્યતાઓને ઉજાગર તે એકબીજા સાથે જોડાય છે ત્યારે ચંદરવાનું મોહકરૂપ ધરે છે. ખાલી જિંદગીમાં રંગ પૂરી શકે છે અને ત્યારે ઘર પર ઝંઝાવાતો સામે ટકી રહેવાની મજબૂતાઈ ધારણ કરે છે.

મિત્રો બીજુ ખાસ કે બીજાના જીવનની અંગત જીવન વિશે મલિન વાતો સમાજમાં કુટુંબમાં ફેલાવશો નહી. બીજાના જીવનની અંગત માહિતીઓની નવરાબેઠા ચર્ચા કરીને તેમની લાગણી દુભાવતા હોઈએ છીએ.


**ક્રમશ**

## સત્સંગ મંડળમાં આવજો

**રેખાબેન આર. મયાણી**
**ભાવનગર**

**રાગ- સંતોનો સંગ સદા આપજો**

સત્સંગ મંડળમાં આવજો રે, ભવફેરો સુધારવા
સત્સંગમાં નિત્ય આવજો રે, ભવફેરો સુધારવા
સત્સંગ ને સત્કર્મથી સત્ય સમજાય છે
સત્ય સમજાતા નિષ્કામ થવાય છે
નિષ્કામ કર્મથી મોક્ષ થાય છે રે...
નિત્ય સત્સંગમાં આવજો...
દયા, દાન,ધર્મ કરી, ધીરજ ધરીને
અંતઃ કરણની શુધ્ધિ કરીને
મુમુક્ષુ પદને પામવા રે...
નિત્ય સત્સંગમાં આવજો
મુમુક્ષુ માટે ચાર સાધન બતાવ્યા,
વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ ને મુમુક્ષત્વ
સાચા સાધન સંપન્ન કરવા રે...
નિત્ય સત્સંગમાં આવજો...
પહેલું સાધન એ વિવેક જાણજો
સત્ અસત્‌ની સમજણ લાવજો
નિત્ય અનિત્યને જાણવા રે...
નિત્ય સત્સંગમાં આવજો રે...
બ્રહ્મ એજ સત્ છે જગત અસત્ છે
આત્માં એજ નિત્ય છે, શરીર અનિત્ય છે
એવો વિવેક દ્રઢ કરવા રે...
નિત્ય સત્સંગમાં આવજો
માનવ જીવનને ચાર પુરુષાર્થ બતાવ્યા
ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થ છે
પરમ પુરુષાર્થ મોક્ષને જાણવા રે...
નિત્ય સત્સંગમાં આવજો રે...



### પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ
### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (આસોદર)

- કથા પ્રારંભ : વૈશાખ વદ ૧ ને ગુરૂવાર તા. ૧૧/૫/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : વૈશાખ વદ ૪ ને સોમવાર તા. ૧૫/૫/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : વૈશાખ વદ ૬ ને બુધવાર તા. ૧૭/૫/૨૦૧૭
- આયોજક : શ્રી મનુભાઈ મેલાભાઈ પઢીયાર, ઉદેસંગભાઈ પુનમભાઈ પઢીયાર, જીણાભાઈ શંકરભાઈ પઢીયાર, લાલજીભાઈ શંકરભાઈ પઢીયાર, મો. ૯૯૨૫૭ ૭૬૩૮૪, ૭૮૭૪૪ ૭૪૪૦૯
- કથા સ્થળ : મુ. આસોદર, તા. આંકલાવ, જી. આણંદ, ગુજરાત

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (હેરંજ - ખાંધલી)

- કથા પ્રારંભ : વૈશાખ વદ ૭ ને ગુરૂવાર તા. ૧૮/૫/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : વૈશાખ વદ ૧૧ ને સોમવાર તા. ૨૨/૫/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : વૈશાખ વદ ૧૩ ને બુધવાર તા. ૨૪/૫/૨૦૧૭
- આયોજક : શ્રી નીતીનભાઈ ડાયાભાઈ પટેલ, ભાસ્કરભાઈ ઉમેદભાઈ પટેલ, ઈશ્વરભાઈ ધનજીભાઈ પટેલ, બીપીનભાઈ મણિભાઈ પટેલ.
  મો. ૯૭૨૪૬ ૬૧૧૭૭, ૯૮૭૯૯ ૦૫૧૮૮, ૯૫૮૫૩ ૩૫૫૫૫
- કથા સ્થળ : મુ. હેરંજ ખાંધલી, શ્રી માધવાનંદ આશ્રમ તા. માતર, જી. ખેડા, ગુજરાત

## પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ




- તા. ૮/૫/૨૦૧૭ થી ચાણોદ - બાળસંસ્કાર શિબિરમાં હાજરી આપશે.
- ૧૪/૫/૨૦૧૭ આતંરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ - સુઘડ.
- ૧૬/૫/૨૦૧૭ થી કનોડા જી. મહેસાણા
- ૧૮/૫/૨૦૧૭ થી ખોરસમ તા. ચાણસ્મા જી. મહેસાણા
- ૧૯/૫/૨૦૧૭ થી પાટણ
- ૨૦/૫/૨૦૧૭ થી સિદ્ધપુર
- ૨૩/૫/૨૦૧૭ થી ખાંભેલ જી. મહેસાણા
- ૨૫/૫/૨૦૧૭ થી આદીવાડા તા. બેચરાજી જી. મહેસાણા **અખંડધામ** શ્રી માધવાનંદ આશ્રમમાં અમાસનો ઉત્સવ ઉજવવામાં આવશે. આ પ્રસંગે ભોજન પ્રસાદ ની વ્યવસ્થા નટુભાઈ દેણપવાળા તરફથી રાખેલ છે.

**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**
**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩-૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**

**વેબસાઈટ : www.omshreemadhavanandji.org**

GET IT ON Google play — Download on the App Store



- તા. ૮/૫/૨૦૧૭ થી ૧૪/૫/૨૦૧૭ ચાણોદ બાળસંસ્કાર શિબિર પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં થશે.
- તા. ૧૫/૫/૨૦૧૭ થી ૧૬/૫/૨૦૧૭ સુધી ભાદરણ
- તા. ૧૭/૫/૨૦૧૭ થી સૌરાષ્ટ્રમાં ધર્મ પ્રચાર માટે જુદાં જુદાં ગામે પધારી સત્સંગનો લાભ આપશે.
- પ.પૂ. સ્વામીજી મહારાજશ્રી ના દર્શને જતાં પહેલાં ફોન કરીને જવું. ૯૮૭૯૭ ૨૫૭૫૭

**વિશેષ સમાચાર**

**પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનું ચાતુર્માસ સુરત મૂકામે થશે.**



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૮/૫/૨૦૧૭ થી ૧૪/૫/૨૦૧૭ સુધી ચાણોદ બાળ સંસ્કાર શિબિરમાં હાજરી આપશે.
- તા. ૧૫/૫/૧૭ થી ૨૩/૦૫/૧૭ સુધીનો સુરતનો નિત્ય કાર્યક્રમ
- સવારે ૬.૧૫ કલાકે શ્રી ગુરુગીતાનો પાઠ, બપોરે ૩.૩૦ થી ૪.૦૦ સુધી ભજન/કિર્તન ૪.૦૦ થી ૫.૦૦ મુંડકોપનિષદ પર પ્રવચન આપશે. ૫.૦૦ થી ૫.૩૦ આરતી ધોળ.
- સ્થળ :- શ્રી માધવાનંદ આશ્રમ કરાડા ગામ, તાપી કિનારે સુરત.
- રાત્રે ૯.૦૦ કલાકે પ્રાર્થના, ૯.૩૦ થી ૧૦.૩૦ કઠોપનિષદ પર પ્રવચન આપશે.
- સ્થળ :- શ્રી માધવાનંદ આશ્રમ ઉદયનગર વિભાગ - ૧, કતારગામ રોડ, સુરત.
- તા. ૨૪/૫/૨૦૧૭ થી ૨૬/૫/૨૦૧૭ સુધી ચાણોદ
- તા. ૨૭/૫/૨૦૧૭ થી ૨૯/૫/૨૦૧૭ સુધી વડોદરા
- તા. ૩૦/૫/૨૦૧૭ થી ૦૧/૬/૨૦૧૭ સુધી કંથારીયા
- તા. ૨/૬/૨૦૧૭ સુઘડ
- તા. ૩/૬/૨૦૧૭ થી ૬/૬/૨૦૧૭ સુધી રાંધનપુર
- તા. ૭/૬/૨૦૧૭ થી ૯/૬/૨૦૧૭ વામજ - વડાવી


















પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી
તા. ૧/૪/૨૦૧૭ થી ૫/૪/૨૦૧૭ સુધી હરદ્વાર મોક્ષનગરી શ્રી માધવાનંદ આશ્રમમાં પધાર્યા હતા.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રી
તા. ૭/૪/૧૭ થી ૯/૪/૧૭ સુધી શ્રી સન્યાસ આશ્રમ - દિલ્હી વાર્ષિક ઉત્સવમાં પધાર્યા હતા.

BOOK POST

પૃષ્ઠ ૨૪

If Not Delivered Please Return To :-
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-